
# વિશ્વવિહાર

વર્ષ : 28 * અંક : 4 * જાન્યુઆરી 2026 * કિં. ₹ 15




**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું વિશિષ્ટ પ્રકાશન**
**૧૮૫૦થી અત્યાર સુધીની ગુજરાત, ભારત અને વિશ્વની નારીપ્રતિભાઓનો**
**ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ નારીકોશ**

## વિશ્વસંસ્કૃતિપર્વ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમો



સણોસરાની લોકભારતી યુનિવર્સિટીના ચાન્સેલર શ્રી અરુણ દવેને
શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી ઍવૉર્ડ અર્પણ કરતા સર્વશ્રી
કુમારપાળ દેસાઈ, નીતિન શુક્લ, રાજેન્દ્ર ખીમાણી, મનસુખ સલ્લા, પ્રકાશ ભગવતી





શ્રી અમોલ પાલેકરનાં આત્મકથાત્મક પુસ્તક 'Viewfinder : A memoir' વિશે
શ્રી નીના પરીખ અને શ્રી નીતિન શુક્લનો અભિનેતા તથા નિર્દેશક શ્રી અમોલ પાલેકર
અને પટકથા-લેખિકા તથા નિર્દેશક શ્રીમતી સંધ્યા ગોખલે સાથે સંવાદ

આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી 'વિશ્વવિહાર'માં
અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને
જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે
શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

આજની વાત

# વિશ્વસંસ્કૃતિપર્વની ઉજવણી

મહેશ ચંપકલાલ

ગુજરાતી ભાષામાં વિશ્વનું જ્ઞાન આપવા માટે પ્રતિબદ્ધ એવા સવ્યસાચી સારસ્વત ડૉ. ધીરુભાઈ ઠાકર દ્વારા ઈ. સ. ૧૯૮૫ની બીજી ડિસેમ્બરે એચ. એલ. કૉમર્સ કૉલેજની હૉસ્ટેલના એક રસોઈગૃહમાં 'ज्ञानामृतं भोजनम्' એ સૂત્ર સાથે જ્ઞાનયજ્ઞ રૂપે આરંભાયેલા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ૪૦મા સ્થાપનાદિન ૩૦ નવેમ્બર, ૨૦૨૫થી ૬ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન વિશ્વસંસ્કૃતિપર્વ મહોત્સવ રૂપે, કલાક્ષેત્રના વિવિધ અગ્રણીઓનાં વ્યાખ્યાનો-નિદર્શનો થકી લાગલગાટ એક સપ્તાહ સુધી રંગેચંગે ઊજવાયો અને ગુજરાતની સાંસ્કૃતિક તવારીખનું એક મહામૂલું સંભારણું બની ગયો.

વિશ્વસંસ્કૃતિપર્વનો પ્રારંભ ૩૦ નવેમ્બર, રવિવારની સવારે હિન્દી અને મરાઠી ફિલ્મના જાણીતા અભિનેતા શ્રી અમોલ પાલેકરના પુસ્તક 'Viewfinder : A Memoir' વિશે શ્રી અમોલ પાલેકર અને તેમનાં પત્ની જાણીતાં પટકથાલેખક શ્રીમતી સંધ્યા ગોખલેના નીના પરીખ અને નીતિન શુક્લ સાથેના જીવંત અને રસપ્રદ એવા સંવાદથી થયો. અમોલ પાલેકરનું આ આત્મકથાત્મક પુસ્તક કોરોનાકાળ વખતે મળેલા ભરપૂર અવકાશ દરમિયાન લખાયેલું. તેનું શીર્ષક 'વ્યૂફાઈન્ડર' શા માટે રાખવામાં આવ્યું તેની સ્પષ્ટતા કરતાં અમોલ પાલેકરે જણાવ્યું હતું કે જેવી રીતે કૅમેરામાં લગાડવામાં આવેલા વ્યૂફાઈન્ડર વડે લેવામાં આવી રહેલો શૉટ-લૉન્ગ શૉટ કે ક્લોઝ-અપ કેવો દેખાશે, કૅમેરાની ફ્રેમ કેવા પ્રકારની હોવી જોઈએ, કયો લેન્સ ઉપયોગમાં લેવો જોઈએ વગેરે બાબતોની જાણકારી દિગ્દર્શક અગાઉથી મેળવી શકે છે તેમ મારાં ૮૦ વર્ષના જીવનમાંથી કઈ ઘટનાઓ દર્શાવવી અને કઈ નહીં, કઈ ઘટના કઈ રીતે રજૂ કરવી ને બતાવવી, કઈ ઘટના અધૂરી છોડી દેવી એ બધું નક્કી કરવા માટે મારી અંદર રહેલા વ્યૂફાઈન્ડરનો ઉપયોગ કર્યો છે. વળી આ વ્યૂફાઈન્ડરનું એક ભાવનાત્મક - emotional - મૂલ્ય પણ છે. આ વ્યૂફાઈન્ડર મને હૃષિદાએ આપેલું જે



વિશ્વકોશની ગ્રંથયાત્રાને નિહાળતા અમોલ પાલેકર

તેમને બિમલ રૉયે તેમણે પહેલી ફિલ્મ બનાવી (દિલીપકુમારઅભિનીત 'મુસાફિર') ત્યારે આપેલું. આવા દિગ્ગજ દિગ્દર્શકો પાસેથી મારા જેવા એક મામૂલી કલાકારને તે સાંપડ્યું. સમય જતાં એ વ્યૂફાઈન્ડરને તેના આવા દસ્તાવેજી, ઐતિહાસિક અને ભાવનાત્મક મૂલ્યને અકબંધ રાખવા બિમલદાની દીકરીને સોંપી દીધું. એની યાદગીરી રૂપે આ પુસ્તકનું નામ 'વ્યૂફાઈન્ડર' રાખવામાં આવ્યું છે. 'રજનીગંધા', 'ચિત્તચોર', 'બાતોં બાતોં મેં', 'ગોલમાલ', 'છોટી સી બાત' જેવી ફિલ્મોમાં કોઈ પણ જાતના ગ્લેમર વિનાના સાવ સાધારણ મધ્યમવર્ગીય next to door એવા કૉમન મૅનની ભૂમિકા કોઈ પણ જાતના આયાસ વિના અત્યંત સ્વાભાવિકતાથી ભજવી સિનેજગતમાં પોતાનું આગવું સ્થાન ઊભું કરવા પાછળનું રહસ્ય ઉદ્ઘાટિત કરતાં અમોલ પાલેકરે સહજપણે જણાવી દીધું કે પોતે ન તો અમિતાભ બચ્ચન જેવા યંગ એન્ગ્રીમૅન હતા, ન તો રાજેશ ખન્ના જેવા સુપર રોમૅન્ટિક સ્ટાર હતા, ન તો ધર્મેન્દ્ર જેવા હીમૅન હતા કે ન તો જિતેન્દ્ર જેવા જંપિંગ જૅક હતા - આ ન હોવાપણું એ જ તેમનું સાચું સામર્થ્ય હતું. ચિત્રકાર તરીકેની આવડત અને તાલીમ તેમને નાટક અને ફિલ્મોમાં ઉત્તમ પ્રકારની દૃશ્યાત્મકતા-visuals ઊભાં કરવામાં ખપ લાગી તો એન.એસ.ડી. કે પુણે ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટમાં ગયા વિના સત્યદેવ દૂબે જેવા દિગ્ગજ નાટ્યકર્મી પાસેથી અભિનયની abcd શીખવા મળી એ જ એમની મોટી મૂડી બની! પટકથાકાર સંધ્યા ગોખલેએ 'પહેલી' અને 'સમાંતર' ફિલ્મના સંદર્ભમાં દિગ્દર્શક અને પટકથાકાર વચ્ચેનો ખટમીઠો સંબંધ ખૂબ નિખાલસતાથી ઉજાગર કરી આપ્યો.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| વિશ્વસંસ્કૃતિપર્વની ઉજવણી | ૩ | મહેશ ચંપકલાલ |
| ગુજરાત વિશ્વકોશની નવી પહેલ : નારીકોશ | ૯ | – |
| અંગ્રેજી ભાષાનો અતિરેક | ૧૧ | પ્રવીણ ક. લહેરી |
| લૅક્સિકન દ્વારા વર્ડ ઑફ ધ યર ૨૦૨૫ | ૧૪ | મૈત્રી શાહ |
| ગાંધીજી પર અગિયાર પ્રાણઘાતક હુમલાઓ? | ૧૫ | અસગર વજાહત |
| કાર્યક્ષમ પ્રકાશસ્રોત : એલઈડી | ૧૯ | ચિંતન ભટ્ટ |
| હું સૈનિક નથી, પણ દેશભક્ત છું ! | ૨૨ | પ્રીતિ શાહ |
| અવ્યવસ્થા - જીવનનું કાવ્ય | ૨૪ | રતિલાલ બોરીસાગર |
| સૂરીલાં સંભારણાં | ૨૬ | સુધા ભટ્ટ |
| વિવિધ એઆઈ ટૂલ્સનો વૈશ્વિક પ્રભાવ | ૨૭ | હર્ષ મેસવાણિયા |
| વાંસના તરતા મકાનનો નમૂનો | ૩૦ | હેમંત વાળા |
| વિશ્વકોશવૃત્ત | ૩૩ | – |

બીજા દિવસે પહેલી ડિસેમ્બર, સોમવારે જાણીતા સ્વરકાર અને ગાયક શ્રી અમર ભટ્ટે ધીરુભાઈના આગ્રહથી અને કુમારપાળભાઈના સતત સહયોગથી ૨૦૧૦ જાન્યુઆરીની બીજી તારીખે કવિ રમેશ પારેખનાં ગીતોના કાર્યક્રમથી કાવ્યસંગીતશ્રેણી આરંભી. છેલ્લાં પંદર વર્ષમાં ૭૫ જેટલા કાર્યક્રમો કે જેમાં થોડું પઠન હોય, થોડું ગાન હોય, ગુજરાતી ભાષાનો વૈભવ સંગીતના માધ્યમથી લોકો સુધી પહોંચે એવા આશયથી શરૂ કરેલી કાવ્યસંગીત શ્રેણી અંતર્ગત રજૂ કરેલાં ગીતોમાં સૂરીલાં સંભારણાં, વિખ્યાત ગાયિકા હિમાલી વ્યાસ નાયકના સથવારે એક અનોખા અંદાજમાં પ્રસ્તુત કર્યાં. અહીં કેટલાંક કાવ્યો નવા સ્વરાંકન સાથે રજૂ થયાં તો કેટલાંક કાવ્યો નવા અર્થઘટન સાથે આમેજ થયાં. અમરભાઈના કંઠેથી સરવાણીની જેમ ફૂટતી કાવ્યપંક્તિઓની અસ્ખલિત ધારાએ તેમજ કર્ણપ્રિય ગીતોની આહ્‌લાદક સૂરાવલિઓએ શ્રોતાઓને તરબતર કરી દીધા.

બીજી ડિસેમ્બર એટલે ગુજરાત વિશ્વકોશનો સ્થાપના દિવસ - જે હિન્દી ભાષાના મૂર્ધન્ય કવિ અને વિવેચક શ્રી અશોક વાજપેયીના 'હમારા સમય, હમારા સાહિત્ય'વિષયક મનનીય વક્તવ્યથી દીપી ઊઠ્યો. સમય અને સાહિત્ય વચ્ચેનો સંબંધ તેમણે સુપેરે સ્પષ્ટ કરી આપ્યો હતો. સાહિત્યે પોતાના સમય અને સમાજને વ્યક્ત કરવો જોઈએ એ ખયાલ પ્રમાણમાં આધુનિક છે. પહેલાં શાશ્વતતાનો આગ્રહ રાખવામાં આવતો હતો હવે સમકાલીનતાનો રાખવામાં આવે છે. પહેલાં પણ શાશ્વતતામાં સમકાલીનતા અનુસ્યૂત રહેતી હતી અને આજે પણ સમકાલીનતામાં શાશ્વતતા, વણાયેલી જોવા મળે છે. ભારતમાં સમયની બહુલતા છે. કોઈ પણ સમય વ્યતીત ભલે થઈ જાય, એ નિ:શેષ નથી હોતો. ભલે વર્તમાનકાળમાં રૈખિક (linear) ઐતિહાસિક સમયનું વર્ચસ્વ હોય, પણ આપણું સામાજિક, સાંસ્કૃતિક જીવન કંઈ કેટલાંય પંચાંગોથી સંચાલિત થતું હોય છે. આપણી જાતિગત સ્મૃતિ તો ચક્રાકાર સમયની છે, અનાદિ અનંત. આપણે ઐતિહાસિક સમયમાં પણ રહીએ છીએ અને ચક્રાકાર સમયને પણ યાદ રાખીએ છીએ. સાહિત્ય સમયની અંદર હોય છે પણ એવી રીતે કે જે તે સમયની બહાર હોય, એકસાથે સમયની અંદર રહેવું અને બહાર પણ રહેવું એ સાહિત્યની ખરી ઓળખ છે એટલે જ એ રાજનીતિ અને અધ્યાત્મથી જુદું પડે છે. સમય ભાષાથી પ્રાચીન ભલે હોય પણ સમયનો બોધ ભાષા થકી જ થતો



**શ્રી રતિલાલ બોરીસાગરને ઍવૉર્ડ અર્પણ કરતા શ્રી અશોક વાજપેયી**



**વિશ્વકોશની ૪૦ વર્ષની જ્ઞાનયાત્રાને દર્શાવતા**
**'વિશ્વવિહાર'ના અંકનું વિમોચન કરતા શ્રી અશોક વાજપેયી**

હોય છે. સમયનો ઇતિહાસ સંભવિત છે, સાહિત્યનો નહીં. આ પણ ઘણી વાર બને છે કે સાહિત્ય પોતાના સમય વિરુદ્ધ થઈ જાય, કમ સે કમ એવા સમયખંડથી જે વર્ચસ્વશાળી હોય અને લોકપ્રિય હોય. આજનો સમય અતિશયતાનો પણ છે અને અભાવોનો પણ. સમય ઘણી વાર સાહિત્યની વાત કાને ધરતો નથી પણ તેથી સાહિત્ય પોતાને જે કહેવું છે તે બંધ નથી કરતું. વિશ્વકોશ ઘણા બધા કોશ તૈયાર કરે છે તો તેને હિંસા અને ઘૃણા સંબંધી કોશ પણ તૈયાર કરવો જોઈએ જે આજે સર્વવ્યાપી છે. પોતાના વક્તવ્યના અંતે શ્રી અશોક વાજપેયીએ પોતાની માર્મિક કવિતાઓનો પાઠ કરી સમય અને સાહિત્ય વચ્ચેના સંબંધને આગવી છટાથી ઉજાગર કરી આપ્યો હતો.

ત્રીજી ડિસેમ્બરે 'લગે રહો મુન્નાભાઈ', 'થ્રી ઇડિયટ્સ' અને 'પીકે' જેવી રાજકુમાર હિરાણીનિર્દેશિત સુપરહિટ ફિલ્મોના પટકથાલેખક અભિજાત જોશીએ પોતાની ફિલ્મોના સંદર્ભમાં ફિલ્મના વિષયવસ્તુમાં સર્જનાત્મકતા વિશે વિગતે વાત કરી હતી. 'લગે રહો મુન્નાભાઈ'માં મુન્નાભાઈ-ગાંધીજીના મેળાપનું દૃશ્ય લખતી વખતનો અનુભવ યાદ કરતાં તેમણે જણાવ્યું હતું કે ફિલ્મના દિગ્દર્શક રાજકુમાર હિરાણી, જો એમ માનતા હોય કે મુન્નાભાઈને ગાંધીજી 'ભૂત' સ્વરૂપે દેખાય છે તો તેઓ પટકથા લખવા તૈયાર નથી, કેમ કે તેમની દૃષ્ટિએ ગાંધીજી 'ભૂત' નથી, પણ ગાંધીજી વિશે સતત વાંચતા રહેવાથી મુન્નાભાઈના મગજમાં જે 'કેમિકલ લોચો' ઉદ્‌ભવ્યો છે તેણે જન્માવેલી એક 'ભ્રમણા' છે, મતિ-ભ્રમ છે - hallucination છે. દિગ્દર્શક તેમના આ નવા idea સાથે તરત જ સહમત થઈ ગયા અને પટકથાલેખન શરૂ થઈ ગયું. નિરંજન ભગતસાહેબે વર્ગખંડમાં ટાંકેલા એક ફ્રેન્ચ ક્રાન્તિકારીના મુખેથી બોલાયેલા અંતિમ શબ્દો 'Bullets can not kill the ideas' પરથી સ્ફુરેલો મુન્નાભાઈને ઉદ્દેશીને ગાંધીજીના મુખેથી બોલાયેલો પહેલો સંવાદ 'તીન ગોલિયાં ગાંધી કો માર સકતે હૈં, ગાંધી કે વિચાર કો નહીં. જમાને બદલતે રહેંગે લેકિન મેરે વિચાર કિસી ના કિસી કો ભેજે મેં કેમિકલ લોચા કરકે રહેગા', એ જ રીતે બૉક્સ ઑફિસ ઉપર ભયંકર રીતે પિટાઈ ગયેલી તેમણે લખેલી પહેલી ફિલ્મ 'કરીબ'ના શૂટિંગ વખતે ફિલ્મના મશહૂર એડિટર રેણુ સલુજા દ્વારા, Pune Film Instituteમાં ૧૯૭૬થી ૧૯૮૦ દરમિયાન ખોટા નામે એડમિશન લઈ તાલીમ મેળવનાર અને તે પછી નૅશનલ ઍવૉર્ડ-વિજેતા ફિલ્મ બનાવનાર એક સરદારજીના સંદર્ભમાં કહેવાયેલા શબ્દો 'he wanted education and

not degree' તેમજ સરદારજીવાળો એ આખો કિસ્સો, 'થ્રી ઇડિયટ્સ'ની તથા બ્રાન્દ્રા કૅથલિક કૉલેજમાં સ્ફુરેલા શબ્દો, Be excellent, success will fall પટકથા લખવામાં કેવો ઉપકારક નીવડ્યો તેની વિસ્તૃતપણે વાત કરી, અમદાવાદ ખાતે વિદ્યાર્થીકાળમાં વિતાવેલા દિવસો પટકથાલેખક તરીકેની કારકિર્દી ઘડવામાં કેવા નિર્ણાયક બન્યા તેને સંભારી, "અમદાવાદ હોય નહીં અને 'લગે રહો મુન્નાભાઈ' કે 'થ્રી ઇડિયટ્સ'ની સ્ક્રિપ્ટ લખાય નહીં" એવો ભાવ વ્યક્ત કર્યો હતો.

ચોથી ડિસેમ્બરે શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી ઍવૉર્ડ અર્પણનો સમારોહ યોજાયો. આ ઍવૉર્ડ સણોસરાની લોકભારતી યુનિવર્સિટીના ચાન્સેલર શ્રી અરુણભાઈ દવેને એનાયત થયો. શ્રી પ્રકાશ ભગવતી, શ્રી રાજેન્દ્ર ખીમાણી તથા શ્રી મનસુખ સલ્લાએ બાળકો, કિશોરો અને યુવાનોના જીવનનું ઘડતર કરનારા અરુણભાઈ દવેના અમૂલ્ય પ્રદાનની ઝાંખી કરાવી હતી. સન્માનનો પ્રત્યુત્તર આપવી વેળા અરુણભાઈએ નઈ તાલીમ કેવી રીતે આપી શકાય, વિજ્ઞાનને કેવી સરળ રીતે વિદ્યાર્થી સુધી લઈ જઈ શકાય તેની વિસ્તૃત ચર્ચા કરી, અંતે ભાવવિભોર બની, રવીન્દ્રનાથ ટાગોરની કવિતા ટાંકી, પોતે કરેલાં સત્કર્મોને લીધે આ ઍવૉર્ડ પ્રાપ્ત કર્યો હોવાનું જણાવ્યું હતું.

પાંચ ડિસેમ્બરના રોજ ટેલિવિઝન, મોબાઇલ અને સોશિયલ મીડિયાના આગમન પૂર્વે આપણા કુટુંબના સભ્ય સમાન રેડિયો, ૩૬ દેશોમાં રજૂ થયેલી, પુણેના શ્રી મકરન્દ વાઇકરનિર્મિત, આ વિષય પરની સર્વપ્રથમ એવી, ઍવૉર્ડ-વિજેતા ડૉક્યુમેન્ટરી ફિલ્મ 'My Radio, My Life' ઇન્ડિગોની ફ્લાઇટ કૅન્સલ થવાથી, શ્રી મકરન્દ વાઇકરની અન્-ઉપસ્થિતિમાં દર્શાવવામાં આવેલી. જૂના રેડિયો સેટને આજના સમયમાં રિપૅર કરાવવા મથતો એક રિટાયર્ડ કર્મચારી, વિવિધ મૉડલનાં રેડિયો અને ટ્રાન્ઝિસ્ટરોનો સંગ્રહ કરનાર એક વિરલ સંગ્રાહક રેડિયોપ્રેમી વિવિધ કુટુંબોની ત્રિવિધ કથાને એકસૂત્રે બાંધનાર આ દસ્તાવેજી ફિલ્મે, સભાગારમાં ઉપસ્થિત સિનિયર સિટીઝન્સને બિનાકા ગીતમાલાના સુવર્ણકાળને વાગોળતા કરી મૂક્યા.

છઠ્ઠી ડિસેમ્બરના રોજ 'વિશ્વસંસ્કૃતિપર્વ મહોત્સવ'ના અંતિમ દિને, ગુજરાતી ભાષાના જાણીતા સાહિત્યકાર અને ગુજરાત વિશ્વકોશના સફળ સુકાની કુમારપાળ દેસાઈની જાણીતી નવલકથા પર આધારિત, કમલ જોષીલિખિત-દિગ્દર્શિત, દેવાંગી ભટ્ટઅભિનીત, કુંતીના આંતરમનને અજવાળતું અનોખું નાટક, 'અનાહતા - અગ્નિપરીક્ષાથી મોક્ષ સુધી' પ્રસ્તુત કરવામાં આવ્યું.

બે ખંડ, તેંતાલીસ પ્રકરણ અને છસો ચોત્રીસ પૃષ્ઠમાં વિસ્તરેલી કુંતીકથાને કેવળ ૬૦ મિનિટની પ્રસ્તુતિમાં આટોપી લેવી એ કોઈ પણ લેખક-દિગ્દર્શક માટે મોટો પડકાર છે. એમાંય વળી જ્યારે અભિનયક્ષેત્ર ખૂબ મર્યાદિત હોય ત્યારે વીસ જેટલા અદાકારો સાથે કામ પાર પાડવું એ સાચે જ દુઃસાહસ ગણાય, પરંતુ રંગમંચના કાબેલ કસબી એવા કમલ જોષીએ પોતાના મંચન થકી એ પડકારને, એ દુઃસાહસને સિદ્ધિમાં સુપેરે પલટાવી દીધાં. મૂળ નવલકથા તો સમયની સીધી રેખામાં ગતિ કરતી chronicle પ્રકારની નવલકથા છે, પરંતુ તેનું નાટ્ય રૂપે પુનઃલેખન કરતી વેળા કમલે પીઠ-ઝબકારની પદ્ધતિએ કુંતીના માનસપટ પર ઊપસતી સ્મરણકથા રૂપે તેને આલેખી છે.




**'અનાહતા' નાટકનું કલાકારવૃંદ**

નવલકથાના અંતિમ પૃષ્ઠમાં આલેખાયા મુજબ મહાભારતના યુદ્ધ પછી અઢારમું વર્ષ ચાલતું હતું ત્યારે લાંબા સમયથી માતા કુંતીનાં દર્શન કરવા માટે આતુર યુધિષ્ઠિરને દેવર્ષિ નારદ પાસેથી જાણવા મળે છે કે વનમાં લાગેલા ભયંકર દાવાનળમાં ધૃતરાષ્ટ્ર અને ગાંધારીની સાથે સાથે માતા કુંતી પણ બળીને ભડથું થઈ ગયાં. નાટક અહીંથી આરંભાય છે. પડદો ખૂલે છે ત્યારે મંચના કેન્દ્રમાં દાવાનળથી ઘેરાયેલી વૃદ્ધ કુંતી ધ્યાનસ્થ અવસ્થામાં દૃશ્યમાન થાય છે. ત્યાં સાક્ષાત્ અગ્નિદેવ પ્રગટે છે અને દિગ્વિજયી પાંડુની ભાર્યા, પરાક્રમી પાંડવોની માતા, હસ્તિનાપુરની રાજમાતા કુંતીને તેના મનુષ્યદેહના અંતિમ પ્રયાણ વેળાએ, મહાયજ્ઞ સમાન પોતાના સમગ્ર જીવનમાં પોતે વિવિધ તબક્કે આપેલી સ્વ-આહુતિઓનું સ્મરણ કરવા આહ્વાન કરે છે અને એ સાથે પીઠઝબકારની પ્રયુક્તિથી કુંતીના જીવનપ્રસંગો ઉદ્‌ઘાટિત થતા રહે છે અને તેમાં લેખક-દિગ્દર્શક તરીકે કમલે ઉમેરેલું અગ્નિદેવનું પાત્ર કુંતીના આંતરમનને સતત અજવાળતું રહે છે. ઝડપભેર દૃશ્યોની હારમાળા સર્જાતી રહે છે અને કુંતીની પ્રાપ્તિ અને પરિત્યાગની સંવેદનાસભર સંઘર્ષ-ગાથા, સર્વાશ્લેષી ફલક ઉપર પ્રકાશની તેજ છાયા વચ્ચે ક્રમશઃ ઊઘડતી રહે છે. વૃદ્ધ તેમજ યુવા કુંતી, અગ્નિદેવ અને શ્રીકૃષ્ણ સિવાયનાં અન્ય તમામ પાત્રો - સુરસેન, કુંતીભોજ, દુર્વાસા, પાંડુ, માદ્રી, પાંચ પાંડવો - યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, સહદેવ, નકુલ તથા કર્ણ, દ્રૌપદી, દુર્યોધન, શકુનિ - ને એ સૌ કુંતીના જીવનમાં દાવાનળની જેમ પ્રવેશતાં રહી, કુંતીને એક યા બીજા પ્રકારે સતત દઝાડતાં રહ્યાં હોવાનું અર્થઘટન તારવી, કલા-નિર્દેશક કનુ પટેલની કલ્પનાશીલ માવજત પામેલાં ને અગ્નિની જ્વાળાઓને પ્રતીકાત્મક રીતે સૂચવતાં મહોરાં પહેરાવવામાં આવ્યાં હતાં. કુંતીના જીવનની વર્તમાન ક્ષણો અને અતીતની ક્ષણો સતત ટકરાતી રહેતી હોવાથી વૃદ્ધ કુંતી અને યુવા કુંતીની સહોપસ્થિતિ સર્જી,

**(અનુસંધાન ૧૦મા પાને)**

નવું પ્રકાશન

# ગુજરાત વિશ્વકોશની નવી પહેલ : નારીકોશ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થયેલા નારીકોશના ત્રણ ભાગમાં ૧૮૫૦થી અત્યાર સુધીની, સમાજનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં મહત્ત્વનું પ્રદાન કરનારી ગુજરાત, ભારત અને વિશ્વની પ્રતિભાવાન સ્ત્રીઓ વિશેની માહિતી અને તેમના આગવા પ્રદાનની વિગત પ્રાપ્ત થશે. હિંદી ભાષા ઉપરાંત અન્ય કેટલીક ભારતીય ભાષાઓમાં 'નારીકોશ' છે, પરંતુ ગુજરાતી ભાષામાં આ અગાઉ 'નારીકોશ' પ્રગટ થયો નથી. અલબત્ત, વિશ્વની - દેશની પ્રસિદ્ધ નારીઓનાં જીવનચરિત્ર અને કાર્યને આલેખતાં પુસ્તકો જરૂર છે, પરંતુ તેમના વિશેનો કોશ આ અગાઉ પ્રગટ થયો નથી.

ગુજરાત વિશ્વકોશ તરફથી જ્યારે 'નારીકોશ' પ્રગટ કરવા અંગે નિર્ણય લેવાયો ત્યારે સહુપ્રથમ દ્વિધા સમયગાળા અંગે થઈ, કારણ કે વિશ્વમાં જુદા જુદા સમયે અનેક પ્રતિભાવાન નારીઓ જન્મી ચૂકી છે, એટલે કોઈ એક સમયગાળો નક્કી કરવો જરૂરી હતો. એ માટે પરામર્શ કર્યા પછી ૧૮૫૦ની સાલ નક્કી કરવામાં આવી. ઈ. સ. ૧૮૫૦ પછી જન્મેલી સ્ત્રીઓને 'નારીકોશ'માં સમાવિષ્ટ કરવાનું નક્કી થયું, પણ આવી નારીઓની યાદી બનાવવી એ ઘણું કપરું કામ હતું, કારણ કે આજની દુનિયામાં નારીપ્રતિભાઓની કોઈ કમી નથી. સમાજસેવા, શિક્ષણ, ધર્મ, રાજકારણ, વિજ્ઞાન, ચિકિત્સા, સાહિત્ય, કલા, ફિલ્મ, ખેલકૂદ, કાનૂન, અંતરિક્ષ, વ્યાપાર-ઉદ્યોગ - કોઈ ક્ષેત્ર એવું નથી, જેમાં મહિલાઓએ સિદ્ધિ ના મેળવી હોય. એટલે પરામર્શકોની એક ટીમ બનાવીને ભારે શ્રમપૂર્વક લગભગ હજારેક જેટલી નારીઓની યાદી બનાવવામાં આવી. 'નારીકોશ' ઉપર કામ કરતાં કરતાં કેટલીક વાર એવી નારીઓનાં નામોનો ઉમેરો પણ થતો ગયો, જે સરતચૂકથી રહી ગયો હતો. આ યાદી પણ સંપૂર્ણ તો નથી જ, ના જ હોઈ શકે. ક્યારેક ઘણી મહેનત કરવા છતાં અને ઘણી જગ્યાએ તપાસ કરવા છતાં કેટલીક સ્ત્રીઓની તસવીરો મળી શકી નથી, તો કોઈની જન્મતારીખ અથવા અવસાનતારીખ પ્રાપ્ત થઈ શકી નથી, પણ એમણે કરેલાં કાર્યનું મહત્ત્વ આંકીને એમને વિશે પ્રાપ્ત થતી સઘળી માહિતીનો આમાં સમાવેશ કર્યો છે. 'ગુજરાતી વિશ્વકોશ'નાં અધિકરણોની માહિતી પણ અમને આમાં ઉપયોગી બની છે. આમ 'નારીકોશ'ને તૈયાર કરવામાં ઘણા પડકાર આવ્યા. જુદાં જુદાં લેખક-લેખિકાઓ, તજ્જ્ઞો દ્વારા લખાયેલાં અધિકરણોને ધ્યાનપૂર્વક વાંચીને, યોગ્ય એડિટિંગ કરીને 'નારીકોશ' તૈયાર કરવામાં આવ્યો.

'નારીકોશ' તૈયાર કરતી વખતે કેટલીક રસપ્રદ નોંધ કરી; જેમ કે 'ક', 'મ', 'સ' જેવા અમુક અક્ષરો પર નારીઓનાં નામ વધુ છે, જ્યારે 'ખ', 'ટ', 'છ' જેવા અક્ષરો પર ઘણાં ઓછાં નામો છે. વળી, પ્રસિદ્ધ અને પ્રતિભાવાન માતા-પુત્રીની પણ ઘણી

જોડીઓ છે, જેમણે સાહિત્ય, સંગીત, કલા, વિજ્ઞાન, રાજકારણ, ફિલ્મ વગેરે ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. મોટે ભાગે જે ક્ષેત્રમાં માતાનું પ્રાવીણ્ય હોય, તે જ ક્ષેત્રમાં પુત્રીએ પણ પ્રતિભાવંત થઈને નામના મેળવી હોય તેવું બન્યું છે, પણ ઘણી વાર માતા અને પુત્રીએ અલગ અલગ ક્ષેત્રોમાં ખ્યાતિ મેળવી હોય તેવું પણ છે. 'નારીકોશ'માં સમાવિષ્ટ આવી કેટલીક જોડીઓમાંથી થોડાં નામ : બાલમણિ અમ્મા - કમલા દાસ, વિજયાલક્ષ્મી પંડિત - નયનતારા સહેગલ, કમલા નહેરુ - ઇન્દિરા ગાંધી, મૃણાલિની સારાભાઈ - મલ્લિકા સારાભાઈ, અપર્ણા સેન - કોંકણા સેન, રાખી - મેઘના ગુલઝાર, ડિમ્પલ કાપડિયા - ટ્વિંકલ ખન્ના, શોભના સમર્થ - નૂતન, તનુજા - કાજોલ, ઇલા પાલ - અનુરાધા પાલ, લલિતા લાજમી - કલ્પના લાજમી, સિરિમાવો બંડારનાયકે - ચંદ્રિકા કુમારતુંગા, વર્ષા દાસ - નંદિતા દાસ, રુથ પ્રવર જાબવાલા - રેનાના જાબવાલા વગેરે.

આનંદ અને ગૌરવની વાત છે કે અહીં સમાવિષ્ટ નારીઓએ પોતપોતાનાં ક્ષેત્રોમાં સમાજને નોંધપાત્ર પ્રદાન કર્યું છે અને રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સન્માન અને પારિતોષિકો પ્રાપ્ત કર્યાં છે. ઘણી નારીઓએ સાહિત્ય, વિજ્ઞાન, વિશ્વશાંતિ વગેરે ક્ષેત્રે સર્વોચ્ચ એવું નોબેલ પારિતોષિક પ્રાપ્ત કર્યું છે. સમાજને, દેશને, વિશ્વને આગળ લઈ જવામાં નારીઓની સહભાગિતા 'નારીકોશ' દ્વારા પ્રગટ થઈ છે, તે પણ એક સ્તુત્ય બાબત છે. કોશનું સંપાદન પ્રીતિ શાહ અને બેલા ઠાકરે કર્યું છે.

ગુજરાતી ભાષામાં આ પ્રકારનો કોશદૃષ્ટિએ પ્રકાશિત થયેલો આ સર્વપ્રથમ નારીકોશ છે.

---

**(૮મા પાનાનું ચાલુ)**

બંનેને સમાન મુદ્રાઓ અને ક્રિયાકલાપો આપવામાં આવ્યાં હતાં. પોતાના દિવ્ય, ગંભીર, રહસ્યમય અષાઢી મેઘ જેવા ઘેઘૂર અવાજથી વિશાલે અગ્નિદેવના પાત્રને તો પોતાની શાંત, દિવ્ય અને સૌમ્ય ને છતાંય દૃઢ એવી અંગભંગિ થકી ઋત્વિકે શ્રીકૃષ્ણના પાત્રને જીવંત કર્યાં, દેવાંગી ભટ્ટે ચહેરાના હાવભાવ અને સંયત અવાજથી વૃદ્ધ કુંતીના પાત્રને અને હેત્વી તથા વૈદેહીએ બાળકી અને યુવા કુંતીના પાત્રને સાંગોપાંગ મૂર્તિમંત કર્યાં. અન્ય કલાકારો દિપેન રાવલ, મિહિર જોષી, જયરાજ જોષી, સંજય જમોડ, ચિંતન પંચાલ, નીતિક્ષા, ધર્મેન્દ્ર તથા અંકિતે બેવડી ભૂમિકા ભજવી તો ભાગ્યેશ અને ગોપાલે એકલ ભૂમિકા ભજવી મહાભારતનાં વિવિધ પાત્રોને જીવંત કર્યાં. ભગવતી અને માયાવી નેપથ્ય સહાય, સાયોનારાની દૃશ્યરચના, મુદ્રા જોષીની વસ્ત્રભૂષા પરિકલ્પના અને શબાનાની રંગભૂષા પરિકલ્પના, કૃતાર્થની સંગીત સહાય પૌરાણિક વાતાવરણ ઊભું કરવામાં ઉપકારક નીવડ્યાં તો પ્રકાશઆયોજન અને સંચાલન, સંગીત પરિકલ્પના તેમજ લેખન અને દિગ્દર્શનમાં સમાન સર્જકતા દાખવનાર કમલ જોષીએ ભાવકોને રસતરબોળ કરી, સ્ટૅન્ડિંગ ઓવેશન માટે બાધ્ય કરી દીધા. ચિત્ર-શિલ્પ, શબ્દ-સૂર, થકી વિભૂષિત સપ્તરંગી મેઘધનુષ જેવો સાત-દિવસીય વિશ્વસંસ્કૃતિપર્વ-મહોત્સવ એક યાદગાર સંભારણું બની ગયો.

સાંપ્રત

# અંગ્રેજી ભાષાનો અતિરેક

પ્રવીણ ક. લહેરી

વિશ્વમાં ઉપયોગમાં લેવાતી ભાષાઓમાં અંગ્રેજીનું સ્થાન પ્રથમ છે. દુનિયાની સૌથી વધારે પ્રચલિત દસ ભાષાઓનો વિચાર કરીએ તો નીચે મુજબની સ્થિતિ જોવા મળે છે : ૧. અંગ્રેજી ભાષા વિશ્વના અનેક દેશોમાં સરકારી ભાષા તરીકે અને શિક્ષણની ભાષા તરીકે સ્વીકારવામાં આવી છે. અંદાજિત ૧૫૦ કરોડ લોકો અંગ્રેજીનો વપરાશ કરે છે. ૨. બીજા ક્રમાંકે ચીનની મેન્ડેરિન ભાષા છે. તેનો વપરાશ અંદાજે ૧૧૫ કરોડ લોકો કરે છે. ૩. એ પછી આપણી હિન્દી ભાષા બોલનારની સંખ્યા લગભગ ૬૦ કરોડની છે. ૪. સ્પૅનિશ ભાષાનો ઉપયોગ કરનારની સંખ્યા ૫૬ કરોડ આસપાસની છે. ૫. એ પછી ફ્રેન્ચ ભાષા ઉપયોગમાં લેનાર લોકોની સંખ્યા ૩૦ કરોડ જેટલી છે. ૬. એરેબિક બોલનાર લોકોની સંખ્યા ૨૭ કરોડ આસપાસ છે. ૭. ભારત-બાંગ્લાદેશ સહિત વિશ્વમાં બંગાળી ભાષા બોલનારની સંખ્યા અંદાજિત ૨૭ કરોડની છે. ૮. પોર્ટુગીઝ ભાષા વાપરનારા લોકોની અંદાજિત સંખ્યા ૨૬ કરોડની છે. ૯. રશિયન ભાષા બોલનારા ૨૫ કરોડ લોકો છે. ૧૦. ઉર્દૂ ભાષાનો ઉપયોગ કરનારની સંખ્યા ૨૩ કરોડની છે.

વિશ્વમાં અંગ્રેજી, ફ્રેન્ચ, સ્પૅનિશ અને પોર્ટુગીઝ ભાષાનો ફેલાવો થયો, તે આ દેશોના ૧૮મી અને ૧૯મી સદીના સામ્રાજ્યવાદને આભારી છે. આપણા દેશમાં પણ અંગ્રેજી ભાષા એ અંગ્રેજોના ૨૦૦ વર્ષના સંસ્થાનવાદનું સીધું પરિણામ છે. વિશ્વમાં એક સમયે બ્રિટનના સામ્રાજ્ય પર કોઈ પણ સમયે સૂર્ય પ્રકાશતો હતો એવા વિશાળ ભૂભાગના કારણે બ્રિટનનાં સંસ્થાન રહી ચૂકેલા ૬૭ દેશોમાં અંગ્રેજી સરકારી ભાષા તરીકે માન્ય છે. અનેક ચિંતકો આ ભાષાકીય સંસ્થાનવાદ ખતમ થવો જ જોઈએ તેવો સ્પષ્ટ મત આપે છે. કમનસીબે સત્તા અને શિક્ષણમાં મહત્ત્વના સ્થાને બિરાજતી વ્યક્તિઓ માટે અંગ્રેજી ભાષાએ તેમની ઉન્નતિમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે, તેથી તેઓ અંગ્રેજી ભાષાની ગુલામી કરવામાં ગૌરવ અનુભવે છે. આ સ્થિતિમાં સંબંધિત દેશોની સામાન્ય જનતાને ભારે અન્યાય થાય છે. અંગ્રેજી ભાષાની જાણકારીના અભાવે સરકારમાં, ન્યાયતંત્રમાં, શિક્ષણ કે વ્યાપારમાં તેઓ દ્વિતીય કક્ષાના નાગરિકો હોવાનો અનુભવ કરે છે.

વિશ્વમા ંકુલ ૭૦૦૦ ભાષાઓ અસ્તિત્વમાં છે, પરંતુ ૨૩ મુખ્ય ભાષાઓનો વપરાશ કુલ વસ્તીના ૫૦ ટકા કરે છે. મુખ્ય ભાષાઓના પ્રાધાન્યને કારણે અનેક ભાષાઓ લુપ્ત થઈ છે અથવા થવાના આરે છે. અમુક ભાષાઓને મુખ્ય ભાષાની બોલી તરીકે ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે 'કચ્છી'ને ગુજરાતી બોલી ગણીએ છીએ, પરંતુ વાસ્તવમાં તેનું વ્યાકરણ, શબ્દભંડોળ, સાહિત્ય જોતાં તેને ભાષા તરીકે

સ્વીકારવાના દાવામાં તથ્ય છે. ભારતના બંધારણની આઠમી સૂચિમાં અગાઉ ૧૪ ભાષાઓને માન્ય ભાષાનો દરજ્જો મળ્યો હતો, તેમાં હવે આઠ ભાષાનો ઉમેરો થતાં હાલ આપણા દેશમાં ૨૨ ભાષાઓ માન્ય થયેલ છે. બંધારણ કોઈ ભાષાને રાષ્ટ્રીય ભાષાનો દરજ્જો આપતું નથી, પણ હિન્દીને સરકારી ભાષા તરીકે માન્યતા આપે છે. આ સામે અન્ય પ્રાદેશિક ભાષાનાં રાજ્યોનો વિરોધ ચાલુ હોવાથી હાલ હિન્દી અને અંગ્રેજી બંને સરકારની સત્તાવાર ભાષા ગણાય છે.

ભારતના અંદાજિત ૧૪૬ કરોડની વસ્તીમાં ૨૬ કરોડ લોકો અંગ્રેજી બોલે છે કે વાંચી શકે છે. અંગ્રેજીના જ્ઞાન અંગે વ્યક્તિગત ધોરણે ખૂબ મોટી અસમાનતા પ્રવર્તે છે. કોઈ ભાંગ્યુંતૂટ્યું અંગ્રેજી બોલે છે, કોઈના ઉચ્ચાર અને શબ્દભંડોળમાં મર્યાદા છે, જ્યારે સ્થાનિક ભાષા સાથે અંગ્રેજીની સેળભેળ થાય છે ત્યારે બોલાતી ભાષા હિન્દી + અંગ્રેજી = 'હિંગ્લીશ', ગુજરાતી + અંગ્રેજી = 'ગુજલીશ' જેવા શબ્દપ્રયોગથી ઓળખાય છે.

અંગ્રેજી ભાષાના દુષ્પ્રભાવ અંગે ભારતના અન્ય નેતાઓ કરતાં મહાત્મા ગાંધીનો અભિપ્રાય ભિન્ન હતો. તેઓ આઝાદ ભારતમાં અંગ્રેજીનો શિક્ષણ કે જાહેર વહીવટમાં ઉપયોગ કરવાના વિરોધમાં હતા. આ માટે તેઓએ જે કારણો દર્શાવ્યાં તે આજે પણ પ્રસ્તુત છે. ગાંધીજીનું માનવું હતું કે ભારતમાં અંગ્રેજી શિક્ષણ પામેલા લોકો અને જનતા વચ્ચે એક મોટી ખાઈ પડી જાય છે. આવો શિક્ષિતવર્ગ પોતાની જાતને અલગ માને છે. તેનાં સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો પણ અલગ થઈ જાય છે. આ ઉપરાંત અંગ્રેજી ભણેલો વર્ગ પાશ્ચાત્ય જીવનશૈલીને વધારે ઉચ્ચ હોવાનું માની આપણી વિરાસતનો અનાદર અને ઉપેક્ષા કરે છે. વ્યક્તિ જ્યારે માતૃભાષા સિવાયની ભાષા અપનાવે છે ત્યારે તેનામાં મૌલિકતાની જગ્યાએ નકલ કરવાનું થાય છે. ગાંધીજી એમની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં લખે છે; 'જો મારે ગણિત કે વિજ્ઞાન અંગ્રેજીના બદલે ગુજરાતીમાં ભણવાનાં હોત તો હું જરૂરથી તે વિષયો વધારે સારી રીતે સમજી શક્યો હોત.'

ગાંધીજીના અંગ્રેજી શિક્ષણ સામેના વિરોધ છતાં આજે શું પરિસ્થિતિ છે, તે જોઈએ. આઝાદી સમયે ૩૩ કરોડની વસ્તીમાં અંગ્રેજી શિક્ષણ પામેલાની સંખ્યા ૭૦થી ૭૫ લાખની હતી, તે આજે ૧૪૬ કરોડની વસ્તીમાં ૨૬ કરોડે પહોંચી છે. આમ અઢી ટકાની અંગ્રેજી જાણનારની સંખ્યા અઢાર ટકાએ પહોંચી છે. આ સામે ૮૨ ટકા પ્રજા માટે જાહેર વહીવટ અને ન્યાયતંત્રની કાર્યવાહી તેમની જાણકારી બહાર ચાલે છે. અંગ્રેજી શિક્ષણ પામેલો વર્ગ અન્ય પ્રતિ અસંવેદનશીલ છે. દેશના વિકાસને ટકાઉ અને ઝડપી બનાવવો હોય તો આપણે અંગ્રેજીના અતિરેકમાંથી મુક્ત થવું જ રહ્યું. આપણું પ્રાથમિક શિક્ષણ સૌ કોઈને માટે માત્ર ને માત્ર માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષામાં હોવું જોઈએ. ત્યારબાદ અંગ્રેજી સહિત અન્ય ભાષા શીખવવાની વ્યવસ્થા કરી શકાય. શિક્ષણમાં ઉચ્ચતમ સ્તર સુધી પ્રાદેશિક ભાષાઓને માધ્યમ બનાવવા સામે અનેક દલીલો થાય છે. સાચી હકીકત એ છે કે આપણા દેશનો એક વર્ગ અંગ્રેજી છોડવા ઇચ્છતો નથી.

આઝાદી બાદ આપણે અંગ્રેજીને કડીરૂપ ભાષા તરીકે સ્વીકારી તે એક ભૂલ હતી. ઇઝરાયલ જો વર્ષોથી ભુલાયેલી હિબ્રૂ ભાષા પુનઃજીવિત કરી શક્યો છે. સેંકડો ટાપુઓમાં બોલાતી અનેક ભાષાઓના સંયોજનથી ઇન્ડોનેશિયા 'ભાષા ઇન્ડોનેશિયા' વિકસાવી શક્યો છે, ત્યારે આપણે એવો કોઈ પ્રયત્ન કર્યો જ નથી. દક્ષિણનાં રાજ્યોની અનિચ્છાને કારણે હિન્દી સર્વમાન્ય બની નથી. જોકે ફિલ્મોની હિન્દુસ્તાની ભાષાએ મહદ્અંશે સંપર્ક-ભાષાની ગરજ સારી છે. દક્ષિણ ભારતની પ્રજા પણ હોંશે હોંશે હિન્દી ચલચિત્રો જુએ છે. અંગ્રેજીનો અતિરેક પાંચ ક્ષેત્રમાં થઈ રહ્યો છે તેને નિવારવા કે મર્યાદિત કરવા માટે આપણે સજાગપણે કાર્યવાહી કરવી જરૂરી છે.

સૌથી પ્રથમ શિક્ષણક્ષેત્રે અંગ્રેજી માધ્યમની શાળાઓની સંખ્યા ખૂબ ઝડપથી વધી છે. અનેક પરિવારો દેખાદેખીમાં ખૂબ ઊંચી ફી ભરીને આર્થિક મુશ્કેલીમાં આવે છે. ગુજરાતમાં તો તાલુકે તાલુકે અંગ્રેજી માધ્યમની શાળાઓ ખૂલી છે. યોગ્ય શિક્ષકોના અભાવે આ શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા નબળી રહી છે. સરકારે પંચાયતોની શાળાઓમાં શિક્ષકોની અને વર્ગખંડોની ઘટ છે તે સત્વરે પૂરી કરી ગુણવત્તાવાળા શિક્ષણની વ્યવસ્થા થાય તો અંગ્રેજી માધ્યમની શાળાઓનું આકર્ષણ ઘટે.

બીજું ક્ષેત્ર છે જાહેર વહીવટ : ભાષાવાર રાજ્યોની રચના બાદ અપેક્ષા હતી કે દરેક રાજ્યનો મહત્તમ વહીવટ સ્થાનિક ભાષામાં ચાલશે. આ અંગે એમ કહી શકાય કે શરૂઆતમાં પ્રાદેશિક ભાષાના ઉપયોગ માટે જે નિષ્ઠા હતી તેનો આજે અભાવ જોવા મળે છે. સરકારની નવી ભરતીમાં અંગ્રેજી માધ્યમમાં ભણેલા ઉમેદવારે હવે નીચલા સ્તર સુધી સરકારી નોકરીમાં આવતાં અંગ્રેજીનું ચલણ વધ્યું છે.

ત્રીજું ક્ષેત્ર છે ન્યાયતંત્ર : તાલુકા અને જિલ્લાકક્ષા સુધી પ્રાદેશિક ભાષાઓનો ઉપયોગ થાય છે, પરંતુ હાઈકોર્ટો વારંવાર થતી માગણીઓ અવગણીને પોતાનો સંપૂર્ણ વહીવટ અંગ્રેજીમાં કરવાનો દુરાગ્રહ રાખે છે. આના કારણે અરજદારો - પ્રતિવાદીઓ માત્ર ને માત્ર વકીલોના ભરોસે ન્યાય મેળવવાની અપેક્ષા રાખે છે. તેમને ન્યાયની કાર્યવાહીનો કોઈ અંશ સમજાતો નથી. ન્યાયમાં વિલંબ સાથે પક્ષકારોની ઉપેક્ષા પણ છે જે યોગ્ય નથી.

ચોથું ક્ષેત્ર છે રોજબરોજની વાતચીત : વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના પ્રભાવના કારણે જે નવા નવા આવિષ્કારો થાય છે તેની ઓળખ અંગ્રેજી નામથી હોય છે. કમ્પ્યૂટરે તો વિન્ડોઝ, માઉસ, પાયથોન જેવા અનેક અંગ્રેજી શબ્દોના અર્થ બદલી નાખ્યા છે ત્યારે દૈનિક વાતચીતમાં અંગ્રેજી શબ્દોનો વપરાશ ઘણો વધ્યો છે. આ મુદ્દે મતમતાંતર છે. એક વર્ગનું કહેવું છે કે આપણે અંગ્રેજી શબ્દો યથાતથ સ્વીકારી લેવા. જ્યારે બીજા વર્ગનો આગ્રહ છે કે અંગ્રેજી શબ્દોના ગુજરાતી પર્યાયો વિકસાવવા. સામાન્ય લોકોએ રોજિંદી વાતચીતમાં અંગ્રેજી શબ્દો સ્વીકારી લીધા છે.

પાંચમું ક્ષેત્ર છે અખબારો અને ટેલિવિઝન : આજકાલ સમાચારોમાં ગુજરાતી-અંગ્રેજી ભાષાનો મિશ્ર ઉપયોગ વધતો જાય છે. વર્તમાનપત્રોમાં અનેક શીર્ષકોમાં બિનજરૂરી રીતે અંગ્રેજી શબ્દોનો વપરાશ થાય છે. ટેલિવિઝનમાં અંગ્રેજી શબ્દોનો ઉપયોગ વધી રહ્યો છે. જ્યાં સુધી યોગ્ય ગુજરાતી શબ્દ ઉપલબ્ધ હોય ત્યાં અંગ્રેજી →

# લૅક્સિકન દ્વારા વર્ડ ઑફ ધ યર ૨૦૨૫

મૈત્રી શાહ

વર્ષ ૨૦૧૮થી દર વર્ષે ડિસેમ્બર માસમાં ગુજરાતી લૅક્સિકન દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન બનેલી ઘટનાઓ અને તેની લોકસમૂહ ઉપર પડેલી અસરોને ધ્યાનમાં રાખીને 'વર્ડ ઑફ ધ યર' જાહેર કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન ઘટિત ઘટનાઓની તવારીખ જોઈએ :

ચાર વર્ષથી રશિયા યુક્રેન યુદ્ધ યથાવત્ છે. જાન્યુઆરી, ૨૦૨૫માં અમેરિકાના રાષ્ટ્રપતિપદે ડોનાલ્ડ ટ્રમ્પે બીજી વાર શપથ ગ્રહણ કર્યા બાદ તેઓ અવારનવાર નવી નવી જાહેરાતો કરી વિશ્વના અન્ય દેશોના આર્થિક રાજકારણમાં ચડાવ-ઉતાર લાવી દે છે. છેલ્લા ઘણા વખતથી 'ટેરિફ'ના સંદર્ભમાં તેમણે ઘણા ફેરફારો કર્યા છે, જે વિશ્વના ઘણા દેશોની આયાત-નિકાસને અસર કરી રહ્યા છે. આને કારણે 'ગ્લોબલ સાઉથ'ના દેશોને વેપારની નવી તકો સાંપડી છે, તેઓ વિકાસની નવી કેડી કંડારી રહ્યા છે અને વૈશ્વિક ફલક ઉપર પોતાનું સ્થાન વધુ મજબૂત કરી રહ્યા છે.

ભારત દેશ ગ્લોબલ સાઉથનો એક ભાગ હોવાની સાથે સુરક્ષાક્ષેત્રે પણ પોતાની એક નવી ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યું છે. આતંકવાદને જડબેસલાક જવાબ આપવા માટે શરૂ કરાયેલ 'ઑપરેશન સિંદૂર' આજે પણ ચારેકોર ભારતની સૈન્ય તાકાતનો પરચો વિશ્વને કરાવી રહ્યો છે. હાલમાં પાડોશી દેશ સાથે 'સીઝફાયર' ચાલુ છે, પણ વિવિધ 'મોકડ્રીલ' દ્વારા દુશ્મન દેશના પ્રયત્નોને કેવી રીતે નિષ્ફળ કરવા તેની આગોતરી તૈયારીઓ ભારતીય સેના કરી રહી છે.

આ બધી ઘટનાઓની વચ્ચે અમદાવાદમાં બનેલી પ્લેન ક્રેશની ઘટનાએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ત્યારબાદ ઘણાં બધાં વિમાનોમાં વારંવાર ટૅક્‌નિકલ ખામી સર્જાયાની ફરિયાદો અને પાઇલટ દ્વારા 'મે ડે' જાહેર કરવાની ઘટનાઓ આ વર્ષે વારંવાર જોવા મળી હતી.

આમ ઉપરોક્ત વિવિધ ઘટનાઓને અને તેની લોકસમૂહ પર પડેલી અસરોને ધ્યાનમાં લેતાં વર્ષ ૨૦૨૫ માટે 'ટેરિફ' શબ્દને 'વર્ડ ઑફ ધ યર ૨૦૨૫' તરીકે ગુજરાતી લૅક્સિકન દ્વારા જાહેર કરવામાં આવે છે.

---

←

શબ્દો વાપરવા તેમાં વિવેકબુદ્ધિનો અભાવ જણાય છે. અંગ્રેજીના અતિરેકને નિવારવા માટે આપણે દરેક ક્ષેત્રમાં સમજણપૂર્વક કામગીરી કરવી જોઈએ. અંગ્રેજી વિશ્વની પ્રમુખ સંપર્ક ભાષા છે તેનો અર્થ એવો તો ન જ થઈ શકે કે તે અન્ય ભાષાઓના અસ્તિત્વ સામે ખતરો પેદા કરે. દરેક ભાષાનું આગવું મહત્ત્વ છે ત્યારે અંગ્રેજીના ઉપયોગનો અતિરેક ન થાય તેની કાળજી સજાગપણે કરીએ તે આપણા સૌની સહિયારી જવાબદારી છે.

પુણ્યતિથિ

# ગાંધીજી પર અગિયાર પ્રાણઘાતક હુમલાઓ?

અસગર વજાહત

ક્યારેક એવો અહેસાસ થાય કે રાષ્ટ્રના લોકોમાં કેવી નામર્દાઈ, નાસમજ અને નિર્બળતા છે કે તેઓ એના રાષ્ટ્રપિતાની રોજેરોજ છડેચોક થતી 'હત્યા' જોઈ રહ્યા છે ! પિતામહ ભીષ્મની પેઠે કેટલી બધી ખામોશીથી આ બેઈજ્જતી સહન કરી રહ્યા છે !

ગાંધીજીની દોઢસોમી જન્મજયંતીના અવસરે પણ હત્યારાઓએ હજી એમનો પીછો છોડ્યો નથી અને આ સુકલકડી માનવી ફરી ફરી જીવતો થઈને સઘળે હાજર થઈ જાય છે.

ઈ. સ. ૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરીને દિવસે નાથુરામ ગોડસેએ ૭૮ વર્ષના બુઝુર્ગ મોહનદાસ કરમચંદ ગાંધીની ત્રણ ગોળી મારીને હત્યા કરી હતી એવું જગત ભલે કહેતું હોય, પરંતુ 'કબરમાંથી પણ બોલતો રહીશ' એવું કહેનાર ગાંધીજીનો અવાજ હત્યાઓના પરોક્ષ સિલસિલા પછી સતત સંભળાયા કરે છે. હત્યારાઓએ એમની છાતી સામે આવીને હત્યા કરી હતી, તેમ છતાં ગાંધી હજુ જીવે છે ને હત્યારાઓને સતત 'ખલેલ' પહોંચાડે છે.

કોઈએ ગાંધીને આક્ષેપોની ફાંસીએ ચડાવ્યા તો કોઈએ એમની મજાક કરીને એમને આજીવન કારાવાસમાં પૂરવાનો પ્રયાસ કર્યો. કોઈ રાજકારણીએ એમને બદનામ કરવામાં કશું બાકી રાખ્યું નહીં, તેમ છતાં ગાંધીજીનું નામ આજ લગી સહુ લેતા રહ્યા છે. ગાંધીજીની હત્યા કરવા માટે જીવનકાળમાં એમના પર ક્યાં કંઈ એક જ હુમલો થયો હતો !

આમ ગણીએ તો ગાંધીજી પર અગિયાર વખત આવા પ્રત્યક્ષ પ્રાણઘાતક હુમલાઓ થયા છે. મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે ત્રણ વખત અને એમના પ્રિય ભારતમાં આઠ વખત જીવલેણ બને તેવા હુમલાઓ થયા. એમના પર થયેલા હુમલાઓની તવારીખનાં પાનાં ઉકેલીએ, તો ખ્યાલ આવશે કે ૧૯૩૪ની ૨૫મી જૂને પૂનામાં ગાંધીજી પર પહેલો હુમલો થયો અને ૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરીએ એમના પર છેલ્લો પ્રત્યક્ષ હુમલો થયો.

આટલા બધા હુમલાઓ થવા છતાં ગાંધી આજે હાજરાહજૂર છે. હત્યારાઓ અને હુમલાખોરોના લાખો પ્રયત્નો છતાં એમની હયાતીને કોઈ ઊની આંચ આવી નથી. ૨૦૧૯ની ૩૦મી જાન્યુઆરીએ અલીગઢમાં ગાંધીજીનું પૂતળું બનાવીને એમના પર ત્રણ ગોળી છોડવામાં આવી અને પછી એ ગોળી છોડનારાઓએ એની 'ઉજવણી' કરી. હત્યાની આવી બનાવટી ઉજવણીએ જ પુરવાર કરી આપ્યું કે ગાંધીની કદી હત્યા થઈ

શકે નહીં. આ ઘટનાને લક્ષમાં રાખીને વિખ્યાત સાહિત્યકાર અસગર વજાહતે 'ગાંધીજીનું પૂતળું' નામના લેખમાં પોતાની પ્રતિક્રિયા દસ પ્રકારે માર્મિક રીતે પ્રગટ કરી છે, જે અહીં સાભાર પ્રસ્તુત કરીએ છીએ.

૧. ગાંધીજીના પૂતળાને ગોળી મારવામાં આવી કે જેથી પૂતળું મરી જાય, પણ ગોળી વાગી ગાંધીને.

તેઓ પૂતળા પાછળથી બહાર નીકળી આવ્યા. ગોળી મારનારાઓને કહ્યું : 'અમને આનંદ છે કે અસલી ગાંધીને ગોળી વાગી છે, પરંતુ ચિંતા એ છે કે આવતે વર્ષે જ્યારે અમે પૂતળાને ગોળી મારીશું, ત્યારે એની પાછળથી ગાંધી કઈ રીતે નીકળશે ?

ગાંધીએ કહ્યું : ચિંતા કરશો નહીં. દર વર્ષે તમે પૂતળાને ગોળી મારજો અને દર વર્ષે એની પાછળથી ગાંધી નીકળશે.

૨. ગાંધીજીના પૂતળાને જ્યારે ગોળી મારવામાં આવી અને એમાંથી લોહી વહેવા માંડ્યું, ત્યારે અચાનક સભામાં કર્નલ ડાયર (૧૮૬૪-૧૯૨૭) આવી પહોંચ્યા. એમના ચહેરા પર ખુશાલી ચમકી રહી હતી. એમણે ગોળી મારનારને કહ્યુંઃ 'વેલ ડન… જે કામ અમારું આખું સામ્રાજ્ય ના કરી શક્યું, તે તમે કરી બતાવ્યું. અમે તમારા અત્યંત આભારી છીએ. અમારે લાયક કોઈ પણ કામકાજ હોય જો જરૂર કહેજો.'

ડાયરની પાછળ પાછળ ઉધમસિંહ પણ આવ્યા હતા, પણ કોઈ એમને જોઈ શક્યું નહીં.

૩. ગાંધીજીના પૂતળા પર ગોળી મારનારાઓએ વિચાર્યું કે એમણે વધુ પ્રામાણિક થવું જોઈએ. ઇતિહાસ કહે છે કે ગોળી વાગ્યા બાદ ગાંધીજી 'હે રામ' બોલ્યા હતા, આથી ગોળી ચલાવનારાએ પોતાના એક સાગરીતને કહ્યું, 'ગાંધીજીના પૂતળા પર ગોળી વાગે કે તરત જ તારે 'હે રામ' બોલવું. અને એ 'હે રામ' તૈયાર થઈ ગયા..

ગોળી છૂટી, ગાંધીજીને વાગી, લોહી પણ વહ્યું, પરંતુ એ 'હે રામ' 'હે રામ' ન બોલી શક્યો. કેવળ 'હે-હે' કરીને અટકી ગયો.

૪. ગાંધીજીના પૂતળા પર ગોળી વાગી અને પૂતળું જમીન પર પડી ગયું.

પછી જોયું તો જમીન પર પડેલા પૂતળાની પાછળ તમામ લોકોની લાશ પડી હતી.

ઓળખ મેળવવા કોશિશ કરી, તો ખબર પડી કે આ બધી તો ચંપારણના ખેડૂતોની લાશ હતી.

૫. ગાંધીજીના પૂતળાને ગોળી મારવામાં આવી ત્યારે એક દેવવાણી થઈ : 'અરે મૂરખાઓ, પૂતળાને શું મારી રહ્યા છો. હણવો હોય તો ગાંધીજીના આત્માને હણો.'

મારનારાઓએ કહ્યું : 'આત્મા ક્યાં હોય છે ? અમને એની કશી ખબર નથી.'

દેવવાણીએ કહ્યું, : 'આત્મા તો દરેક વ્યક્તિની ભીતરમાં હોય છે. તમે લોકો પણ તમારા આત્માને શોધીને જુઓ.'

એમણે કહ્યું, 'ના, અમારી અંદર તો એ ક્યાંય નથી મળ્યો. અમે તો એકસો વર્ષથી એને શોધી રહ્યા છીએ.'

૬. ગાંધીજીના હત્યારાઓએ વિચાર્યું કે પૂતળાને ક્યાં સુધી ગોળી માર્યા કરીશું ? ચાલો, હવે જેમણે ફિલ્મો અને નાટકોમાં ગાંધીની ભૂમિકા કરી છે, તેમને ખતમ કરીએ. બસ, ઝટપટ એ તમામ અભિનેતાને પકડી લાવ્યા કે જેઓ ક્યારેક ગાંધી બન્યા હતા.

હત્યા કરનારાઓએ કહ્યું : 'તમને બધાને ગોળીથી વીંધી નાખવામાં આવશે, કારણ કે તમે મોટા ગાંધી બન્યા હતા.'

ગાંધી બનનારાઓએ કહ્યું : 'ભલે, પરંતુ અમને ગોળી મારનાર તો ગોડસે હશે ને ? શું એને ફાંસી પર લટકાવવામાં આવશે ?'

૭. પહેલાં તો મીડિયાએ વિચાર્યું કે આ વિવાદમાં સામેલ થવું નથી. પછી એક પત્રકારે પોતાની ચૅનલના માલિકને વાત કરી. પરિણામ એ આવ્યું કે એની ખુરશી ફાટી ગઈ એટલે કે ખુરશીમાં કાણું પડી ગયું. માલિકે કહ્યું, આ કાણાની અંદર બરાબર જુઓ, તો તમને તમારું ભવિષ્ય દેખાશે.

પત્રકારે એ કાણામાં જોયું. વાસ્તવમાં એને એનું ભવિષ્ય દેખાયું. માલિકે કહ્યું કે આ બાબતમાં તમે કંઈ પણ કરવા માગતા હો તો સ્વર્ગમાં જઈને ગાંધીજીનો ઇન્ટરવ્યૂ કરો. પત્રકાર સ્વર્ગમાં ગાંધીજી પાસે પહોંચી ગયા. ગાંધીજી ચરખો કાંતી રહ્યા હતા.

ગાંધીજીને કહ્યું, 'મહાત્માજી, પૃથ્વી પર તમારા પૂતળાને ગોળી મારવામાં આવે છે. આ ઘટનાથી તમને કેવું લાગે છે ?'

ગાંધીજીએ કહ્યું, 'મને ખૂબ સારું લાગે છે.'

પત્રકાર : 'કેમ સારું લાગે છે ?'

ગાંધીજી : 'પહેલાં એમણે એક નિઃશસ્ત્રને ગોળી મારી હતી અને હવે એક પૂતળાને ગોળી મારી છે. એનો અર્થ એટલો થયો કે હવે એ કોઈ નિઃશસ્ત્રને ગોળી નહીં મારે !'

૮. સ્વર્ગમાં ગાંધીજીને કહેવામાં આવ્યું કે તમને ગોળી મારનારાઓ તમને એમના શત્રુ માને છે.

ગાંધીજીએ કહ્યું : 'એમાં સહેજે આશ્ચર્ય પામવા જેવું નથી.'

પત્રકાર : 'મહાત્માજી, આનાથી તમને કેવું લાગે છે ?'

ગાંધીજીએ કહ્યું : 'મને સારું લાગે છે.'

પત્રકાર : 'શા માટે ?'

ગાંધીજીએ કહ્યું : 'અંગ્રેજો પણ મને શત્રુ માનતા હતા.... હવે મારા શત્રુઓને એક મિત્ર તો મળી ગયો.'

૯. ગાંધીજીના પૂતળાને ગોળી મારનારાઓને પૂછવામાં આવ્યું : 'તમે શા માટે ગાંધીજીને ગોળી મારી રહ્યા છો ? એમની તો ઘણા સમય પહેલાં હત્યા થઈ ગઈ છે.'

હત્યારાઓએ કહ્યું : 'સહુને આવો જ ભ્રમ છે.'

કોઈએ કહ્યું, 'એ સમયે ગાંધીજીને ગોળી મારવામાં આવી હતી, પણ તેઓ મર્યા નહોતા.'

'આ તો તમે કહો છો ને !'

'અમે સાચું જ કહીએ છીએ.'

'તો પછી ?'

'આથી અમે એમને સતત ગોળી મારી રહ્યા છીએ. આવતે વર્ષે પણ મારીશું. પણ એ મરતા જ નથી.'

૧૦. ગાંધીજીનું પૂતળું બનાવનારે ઘણી મહેનત કરીને પૂતળું બનાવ્યું હતું. પૂતળું તૈયાર થઈ ગયું એટલે એણે પૂતળાને ચશ્માં પહેરાવ્યાં. ગોળી મારનારાઓ ઉત્તેજિત થઈ ગયા : 'આ ચશ્માં ઉતારો. ગાંધીજીને ચશ્માં પહેરાવવાં જોઈએ નહીં.'

પૂતળું બનાવનારે કહ્યું : 'પરંતુ તેઓ તો ચશ્માં પહેરતા હતા.'

ગોળી મારનારાએ કહ્યું, 'પહેરતા હતા, એ જ સૌથી ખરાબમાં ખરાબ બાબત છે.'

પૂતળું બનાવનારે કહ્યું : ચશ્માંમાં ખરાબ શું ? એનાથી તો બધું ચોખ્ખું દેખાય.'

ગોળી મારનારાએ કહ્યું, 'અમે ઈચ્છતા નથી કે પૂતળાને કશું ચોખ્ખું દેખાય. ચશ્માં આપી દો. આ ચશ્માં પર અમારે હજી ઘણું કામ કરવાનું બાકી છે.'

પૂતળું બનાવનારે કહ્યું, 'એના પર વળી શું કામ કરશો ?'

ગોળી મારનારે કહ્યું, 'એના બંને કાચને ઘસવાના હજી બાકી રહી ગયા છે.'

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. જો તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

વિજ્ઞાન

# કાર્યક્ષમ પ્રકાશસ્રોત : એલઈડી

ચિંતન ભટ્ટ

દિવાળી અને નાતાલ પર્વો હમણાં જ ઊજવ્યાં ત્યાં તો પ્રજાસત્તાકદિનની ઉજવણી આવી. બધા જ ઉત્સવોમાં એક સામાન્ય વાત છે તે 'રોશની'. છેલ્લા બેત્રણ દાયકાથી ઉત્સવો વખતે તો એલઈડી જ રોશની કરે છે. સાથે સાથે ઘરને પણ અજવાળે છે.

નામ પરથી જ ખ્યાલ આવી જાય છે કે આ એક પ્રકારનો ડાયોડ છે. સેમિકન્ડક્ટર-(અલ્પવાહક)માંથી બનાવેલી સૌથી સાદી ડિવાઇસ એટલે ડાયોડ. બે પ્રકારના અલ્પવાહકો હોય છે જેમાં થોડા મુક્ત ઇલેક્ટ્રૉન હોય તેને 'એન' પ્રકારનું સેમિકન્ડક્ટર કહેવાય છે અને જેમાં સમતુલન કરતાં ઇલેક્ટ્રૉનની સંખ્યા ઓછી હોય તો તે 'પી' ટાઇપ અલ્પવાહક બને છે. આ બે પ્રકારના સેમિકન્ડક્ટરનું એક યુગ્મ એટલે ડાયોડ. ડાયોડમાં જ્યારે વીજપ્રવાહ વહે છે ત્યારે પી અને એન પ્રકારના અલ્પવાહકના સાંધા (જંક્શન) પર ઇલેક્ટ્રૉન હોલ (ઇલેક્ટ્રૉનની અલ્પતા) તરફ વહે છે એટલે કે વધુ ઊર્જાથી ઓછી ઊર્જા તરફ વીજપ્રવાહ વહે છે અને ઊર્જાનું ઉત્સર્જન થાય છે. હા, ડાયોડ વિશેનું અધિકરણ વિશ્વકોશમાં છે. ઊર્જાનું પ્રકાશરૂપી ઉત્સર્જન અલ્પવાહકના સંયોજન પર આધાર રાખે છે. અલ્પવાહકના સંયોજન મુજબ ઊર્જા અધોરક્તથી પારજાંબલી તરંગો સુધીના પટમાં ઉત્સર્જન કરે છે. જેમ કે ઍલ્યુમિનિયમ ગેલિયમ આર્સેનાઇડનું સંયોજન લાલ પ્રકાશ, ગેલિયમ આર્સેનાઇડ ફૉસ્ફાઇડનો ડાયોડ પીળો પ્રકાશ, ઝિંક સેલેનાઇડ જંક્શન વાદળી પ્રકાશ આપે છે. આ રીતે વિવિધ રંગછટાના એલઈડી તો બનાવી શક્યા, પરંતુ સપ્તરંગી સફેદ એલઈડી બનાવવાનું કામ પડકારરૂપ હતું. ઇન્ડિયન ગેલિયમ નાઇટ્રાઇડ ટૅક્નૉલૉજીથી સૌપ્રથમ વખત સફેદ એલઈડી બનાવવામાં આવ્યો. સફેદ એલઈડી મૂળભૂત રીતે ભૂરો એલઈડી જ છે, પણ આવરણમાં રહેલા ફૉસ્ફરન્ટ પદાર્થને લીધે ટ્યૂબલાઇટની જેમ તે સફેદ પ્રકાશ રેલાવે છે. આ ઉપરાંત ત્રણ મૂળ રંગના મિશ્રણથી એટલે કે ત્રણ એલઈડીના સંયોજનથી પણ સફેદ એલઈડી શક્ય છે. પ્રકાશ ઉત્સર્જન કરતા ડાયોડે બજારમાં સૌપ્રથમ વખત વર્ષ ૧૯૯૨માં દેખા દીધી હતી. ત્યારે નાનકડા લાલ એલઈડીની કિંમત લગભગ નવ હજાર રૂપિયા હતી, જે આજે એક રૂપિયાથી પણ ઓછી કિંમતે મળે છે.

એલઈડીના અવતરણનું પગેરું છેક વર્ષ ૧૯૦૬ સુધી લઈ જાય છે ત્યારે માર્કોની લૅબોરેટરીના હેન્રી જોસેફ રાઉન્ડે (Henry Joseph Round 1881-1966) વીજપ્રવાહ વહેતા સિલિકન કાર્બાઇડ સ્ફટિકમાંથી પ્રકાશઉત્સર્જન નોંધ્યું. અત્યાર સુધી તે પ્રયોગશાળા પૂરતું જ મર્યાદિત રહ્યું હતું. ૧૯૯૦માં ત્રણ જાપાની વિજ્ઞાનીઓએ બ્લૂ



પ્રકાશ ઉત્સર્જિત કરતો એલઈડી વિકસાવ્યો અને સફેદ પ્રકાશ રેલાવતા એલઈડી અને વિવિધ રંગના પ્રકાશ રેલાવતા એલઈડીના અવતરણનો માર્ગ ખૂલી ગયો. સાથે સાથે એલઈડીના નિર્માણમાં ઉપયોગમાં લેવાતા દ્રવ્યમાં પરિવર્તન કરી ટીવી સ્ક્રીન માટે વધુ સારું અને સ્પષ્ટ ચિત્રની રચના કરતા ઓએલઈડી પણ આવી ગયા.

સામાન્ય રીતે એલઈડી કહેવાતો પ્રકાશ ઉત્સર્જક ડાયોડ ઇલેક્ટ્રૉનિક્સની દુનિયાનું છૂપું રતન છે. તે તમામ પ્રકારનાં ઉપકરણોમાં ઘણાં જુદાં જુદાં કાર્યો કરે છે. તે ડિજિટલ ઘડિયાળો પર સંખ્યાઓ બનાવે છે, રિમોટ કંટ્રોલથી માહિતી પ્રસારિત કરે છે, ઘડિયાળોને પ્રકાશિત કરે છે અને ઉપકરણો ક્યારે ચાલુ થાય છે તે જણાવે છે. એકસાથે હજારો એલઈડી ગોઠવાઈને મસમોટા ટેલિવિઝન સ્ક્રીન પર છબીઓ બનાવી ચલચિત્રનું નિર્માણ કરે છે. તે ટ્રાફિક લાઇટને પ્રકાશિત કરે છે...આમ અત્ર, તત્ર, સર્વત્ર એલઈડીએ સ્થાન અંકે કરી લીધું છે. એલઈડીનો પ્રકાશ એક જ દિશામાં રેલાતો હોવાથી ટ્રાફિકસિગ્નલ, વાહનની લાઇટ તેમજ સ્ટેજ માટે ફોકસલાઇટ જેવાં સ્થળોએ તે વધુ યોગ્ય છે. જ્યારે ઘર કે ઑફિસમાં ચારેબાજુ ફેલાતા સામાન્ય પ્રકાશ માટે ઘણા એલઈડીની વિશિષ્ટ ગોઠવણ કરવી પડે છે. પ્રકાશની સામાન્ય જરૂરિયાત સંતોષી શકે તેવા એલઈડી અથવા એલઈડી સંપુટની કિંમત હજુ પણ વધારે છે. તદુપરાંત ઊંચા તાપમાને તેમજ વીજપ્રવાહની વધઘટથી તેની કાર્યક્ષમતા ઘટી જાય છે. માટે ગુજરાત જેવા રાજ્યમાં એલઈડી બહુ ગરમ ન થાય તેવી જગ્યાએ રાખવાથી એ યોગ્ય પરિણામ આપે. હા, એલઈડી ઊડી જાય ત્યારે અચાનક પ્રકાશ આપતો બંધ નથી થઈ જતો, પરંતુ તેનો પ્રકાશ ધીરે ધીરે ઓછો થાય છે. તેમાંથી પસાર થતા વીજપ્રવાહને નિયંત્રિત કરી પ્રકાશની માત્રા પણ નિયંત્રિત કરી શકાય છે. જે રંગમંચની રોશની માટે ઉપયોગી ગુણધર્મ છે.

મૂળભૂત રીતે, એલઈડી એ ફક્ત નાના લાઇટ બલ્બ છે જે ઇલેક્ટ્રિકલ સર્કિટમાં સરળતાથી ફિટ થાય છે, પરંતુ ઇન્કેન્ડેસેન્ટ બલ્બથી વિપરીત, તેમાં ફિલામેન્ટ નથી જે બળી જાય. તે ઓછી વીજળી વાપરે છે અને ખાસ ગરમ થતા નથી. સેમિકન્ડક્ટરમાં ઇલેક્ટ્રૉનની ગતિ દ્વારા તે પ્રકાશિત થાય છે અને ટ્રાન્ઝિસ્ટર જેટલી લાંબી આવરદા ધરાવે છે. પારંપરિક બલ્બના ટૂંકા આયુષ્ય કરતાં એલઈડીનું આયુષ્ય હજારો કલાક વધારે છે. આ ફાયદાને કારણે LCD ટીવી પ્રકાશિત કરવા માટે નાના એલઈડીનો ઉપયોગ એ સૌથી લોકપ્રિય તકનીક છે. અલબત્ત, પ્રકાશસ્રોત માટે એલઈડીને પારંપરિક બલ્બની જેમ સીધા જ વીજસ્રોત સાથે (ઘરમાં આવતા વીજળીના તાર સાથે) નથી જોડી શકાતા. તેને માટે નાનકડા અને સરળ ઉપકરણની જરૂર પડે છે જે 'ડ્રાઇવર' તરીકે ઓળખાય છે. આ ડ્રાઇવર ગરમ પણ થાય છે અને સારી ગુણવત્તા ન હોય તો કામ કરતું બંધ થઈ જાય છે પરિણામે એલઈડી પણ બંધ થઈ જાય છે. આમ લાંબી આવરદાનો એલઈડી ટૂંકી આવરદાનો હોય એવું લાગે છે.

પરંપરાગત પ્રકાશિત બલ્બ કરતાં એલઈડીના ઘણા ફાયદાઓ છે, પરંતુ તેનો મુખ્ય ફાયદો કાર્યક્ષમતા છે. બલ્બની પ્રકાશ ઉત્પાદન પ્રક્રિયામાં ઘણી ગરમી ઉત્પન્ન થાય છે (ફિલામેન્ટને પ્રકાશિત કરવા માટે ગરમ કરવું પડે છે). જો તમે બલ્બનો ઉપયોગ હીટર તરીકે ન કરો તો આ ઊર્જા સંપૂર્ણપણે વેડફાઈ જાય છે. ઉપલબ્ધ વીજળીનો મોટો ભાગ દૃશ્યમાન પ્રકાશ ઉત્પન્ન કરવા માટે વપરાતો નથી. તેના પ્રમાણમાં એલઈડી ખૂબ ઓછી ગરમી ઉત્પન્ન કરે છે. વિદ્યુત ઊર્જાની ઘણી ઊંચી ટકાવારી સીધી પ્રકાશ ઉત્પન્ન કરવા માટે વપરાય છે જેથી વીજળીની માંગમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. પારંપરિક બલ્બ કરતાં એલઈડી પ્રતિ વોટ વધુ લ્યુમેન્સ (અથવા દૃશ્યમાન પ્રકાશની માત્રા) ઉત્પન્ન કરે છે. ૬૦-વોટનો બલ્બ ૭૫૦-૯૦૦ લ્યુમેન્સ વચ્ચે પ્રકાશ ઉત્પન્ન કરે છે, પરંતુ ફક્ત ૬-૮ વોટનો ઉપયોગ કરીને એલઈડી બલ્બમાંથી સમાન આઉટપુટ મેળવી શકાય છે. વળી એલઈડી બલ્બ ૨૫,૦૦૦ કલાક સુધી ટકી શકે છે જ્યારે ૬૦-વૉટનો બલ્બ ફક્ત ૧,૨૦૦ કલાક સુધી જ પ્રકાશિત થવાની શક્યતા છે. બીજા શબ્દોમાં કહીએ તો આવરદાની દૃષ્ટિએ એક એલઈડી બલ્બ ૨૧ પારંપરિક બલ્બની કુલ આવરદા જેટલી જિંદગી ધરાવે છે.

એલઈડી અદ્યતન સેમિકન્ડક્ટર દ્રવ્ય પર આધારિત હોવાથી હમણાં સુધી, મોટા ભાગના લાઇટિંગ ઉપયોગો માટે તેને વાપરવા ખૂબ ખર્ચાળ હતા. વર્ષ ૨૦૦૦ પછી સેમિકન્ડક્ટર ઉપકરણોની કિંમતમાં ઘટાડો થયો અને એલઈડી વિવિધ પરિસ્થિતિઓ માટે કિફાયત લાઇટિંગ વિકલ્પ બન્યો. શરૂઆતમાં તે બલ્બ કરતાં વધુ ખર્ચાળ હોઈ શકે છે, પરંતુ લાંબા ગાળે તે ફાયદાકારક સિદ્ધ થાય છે. એલઈડી ટૅક્નૉલૉજી સાથે સંકળાયેલા ઇજનેર રોનાલ્ડ હેતઝે (Ronald Haitz : 1935-2015) ભવિષ્ય ભાખેલું કે દર દશકે આ ડાયોડનો પ્રકાશ વીસ ગણો વધશે એટલે કે કાર્યક્ષમતા વધશે, જ્યારે તેનો ઉત્પાદનખર્ચ દસ ગણો ઘટશે. આ ભવિષ્યવાણી હજી સુધી તો સાચી પડી છે.

પ્રેરણા

# હું સૈનિક નથી, પણ દેશભક્ત છું !

પ્રીતિ શાહ

૩૦ જાન્યુઆરીએ શહીદદિનના સંદર્ભમાં વિકાસ મન્હાસની વિશિષ્ટ સેવાનું સ્મરણ થાય છે. જમ્મુ-કાશ્મીરના ભદેરવાહમાં જન્મેલા વિકાસ મન્હાસે જમ્મુ યુનિવર્સિટીમાંથી બી.એસસી. કરીને મુંબઈ યુનિવર્સિટીમાંથી મૅનેજમેન્ટમાં માસ્ટર્સની ડિગ્રી મેળવી. ઉનાળાના વૅકેશનમાં અને કુટુંબમાં લગ્નપ્રસંગ હોવાથી તે પોતાના વતનમાં આવ્યો હતો. એક દિવસ રાત્રે જમતાં પહેલાં પોતાના શહેરમાં એક લટાર મારવાની ઇચ્છાથી બહાર નીકળ્યો. એને એવો ખ્યાલ જ ન રહ્યો કે સાંજ પછી તો સમગ્ર શહેરમાં કર્ફ્યૂ જાહેર કરવામાં આવેલો છે. પોતાના ઘેરથી માંડ વીસ-ત્રીસ ડગલાં ચાલ્યો હશે કે એની આંખો તેજ પ્રકાશથી અંજાઈ ગઈ અને કરડાકીભર્યો અવાજ સાંભળ્યો, 'રૂકો !' અવાજ સાંભળતાં જ ડરીને એ એના ઘર તરફ દોડ્યો. ઘરમાં અંદર જતાંની સાથે જ દરવાજો બંધ કરી કુટુંબના સભ્યો વચ્ચે બેસી ગયો. થોડી મિનિટોમાં જ બારણે ટકોરા પડ્યા. દરવાજો ખોલીને જોયું તો સૈનિકોની ટુકડી સામે ઊભી હતી. એમણે કહ્યું કે એમણે એક આતંકવાદીને અહીં આવતાં જોયો હતો. વિકાસના કાકાએ તો ના પાડી, પરંતુ વિકાસે હિંમત એકઠી કરીને કહ્યું કે, 'તે હું હતો અને હું આતંકવાદી નથી.'

વિકાસનાં નસીબ સારાં કે સૈનિકો ત્યાંથી પાછા ફરી ગયા, પરંતુ તે પછી થોડા સમયમાં સમગ્ર વિસ્તાર ગોળીઓની રમઝટથી થરથરી ઊઠ્યો. સવારના પાંચ વાગ્યા સુધી ગોળીઓની રમઝટ ચાલી. સવારે ખબર પડી કે ચોકી પર આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. આઠમાંથી સાત સૈનિકો શહીદ થયા હતા અને એક સૈનિક આતંકવાદીઓ સાથે સવાર સુધી લડતો રહ્યો, પણ ચોકીને લૂંટાવા ન દીધી. વિકાસ એ સાત શહીદોના અંતિમ સંસ્કારમાં સામેલ થયો. એણે જોયું કે સાતેયના મૃતદેહોને ચિતામાં ગોઠવવામાં આવ્યા અને અગ્નિદાહ આપવામાં આવ્યો. આ ઘટનાથી વિકાસના મન પર ઊંડો આઘાત લાગ્યો. તે પોતાની જાતને કાબૂમાં ન રાખી શક્યો અને ખૂબ રડવા લાગ્યો. એને વિચાર આવ્યો કે આપણે ત્યાં તો કોઈનું અવસાન થાય તો બધાં છેલ્લાં દર્શન કરવા આવે છે. જો કોઈ સમયસર ન પહોંચી શકે તો તેની કલાકો સુધી રાહ જોવામાં આવે છે, ત્યારે અહીં તો આ સૈનિકોનાં કોઈ સગાંવહાલાં, પરિચિતો કે મિત્રો વિના જ એમના અંતિમ સંસ્કાર કરીને એનાં અસ્થિ એના સામાન સાથે કુટુંબને પહોંચાડવામાં આવે છે.

આ ઘટનાએ એને વિચારતો કરી મૂક્યો કે આઝાદીના રખેવાળ શહીદોના કુટુંબીજનોના દર્દમાં સહભાગી થવું, પરંતુ જવું કેવી રીતે ? બીજે દિવસે અખબારમાં સાત સૈનિકો શહીદ થયાના સમાચાર વાંચ્યા. કોઈનું નામ નહીં કે ગામનું નામ નહીં,

પરંતુ કારગિલ યુદ્ધ વખતે સરકારે નિર્ણય કર્યો કે શહીદોના પાર્થિવ શરીરને સન્માન સાથે તેમના કુટુંબીજનો સુધી પહોંચાડવામાં આવશે, ત્યારે મીડિયામાં પણ નામ અને ગામ સાથે શહીદોના સમાચાર પ્રગટ થવા લાગ્યા. આ સમયે વિકાસ મન્હાસે નક્કી કર્યું કે તે શહીદોના પરિવારજનોને મળવા જશે. વિકાસ પોતાની જાતને પ્રશ્ન પૂછતો કે, 'મારે શા માટે એના કુટુંબને મળવું છે? હું તેમને મળીને શું કરીશ? તેઓ કેવો પ્રત્યાઘાત આપશે?' એ જ્યારે એના મિત્રોને પોતાની સાથે આવવા કહેતો, ત્યારે મિત્રો પણ એને આમ જ કહેતા, પરંતુ વિકાસ કહે છે કે એનો એની પાસે કોઈ જવાબ નહોતો અને એક મહિના પછી એણે એકલા જ પોતાની યાત્રા શરૂ કરી.



**વિકાસ મન્હાસ**

જમ્મુના શમાચક નામના ગામમાં રહેતા ઓગણીસ વર્ષના ગ્રેનેડિયર ઉદયમાન સિંહ કે જેઓ કારગિલ યુદ્ધમાં ટાઈગર હિલ પર શહીદ થયા હતા. સૌપ્રથમ વિકાસ તેમના ઘરે ગયો. તેમની માતા ગાલીચા પર માથું નીચું રાખીને બેઠાં હતાં. વિકાસ પણ એમની બાજુમાં બેઠો. એને શું બોલવું તે કંઈ સૂઝતું નહોતું. એકાદ કલાકના મૌન પછી માતાએ પૂછ્યું, 'ચા લેશો?' અને પછી વાતચીત શરૂ થઈ. એમની માતાએ એક કલાક સુધી વાત કરી અને વિકાસ વિશે પૂછ્યું, ત્યારે વિકાસે કહ્યું કે, 'હું સૈનિક નથી. હું તો માત્ર તમને મળવા અને શહીદ થયેલા ઉદયમાન સિંહ પ્રત્યે મારી સન્માનની ભાવના વ્યક્ત કરવા આવ્યો છું.' ત્યારે ઉદયમાનનાં માતાએ એમને પોતાને ઘેર ફરી વાર આવવા નિમંત્રણ આપ્યું. અહીંથી શરૂ થયેલી વિકાસ મન્હાસની યાત્રા આજે બે દાયકા પછી પણ ચાલુ છે. અત્યાર સુધીમાં તે બસો શહીદોના ઘરે જઈને એમના કુટુંબીજનોને મળ્યા છે, આજે તેઓ દરેક પરિવારના સભ્ય બની ચૂક્યા છે. સૈનિકોની રેન્ક કે યુનિટના ભેદભાવ વિના તે સહુને મળે છે. તે જ્યારે કોઈ એક શહીદના કુટુંબને મળે છે, ત્યારે તેના કરતાં પણ વધુ દુઃખી હોય તેવા શહીદ પરિવારની વાત કરે છે. આ રીતે એમના દુઃખમાં સહભાગી થઈને આશ્વાસન આપે છે.

૨૦૦૭થી ૨૦૧૧ સુધી વિકાસે બૅંગાલુરુમાં ક્રૉસટીમ કન્સલ્ટિંગ પ્રા. લિ.માં નોકરી કરી, પરંતુ ૨૦૧૧માં જમ્મુ આવીને પોતાની ટ્રાવેલ કંપની શરૂ કરી છે, જેથી હવે તેઓ શહીદોના ઘરે જવા માટે પૂરતો સમય ફાળવી શકે છે. વિકાસ મન્હાસ કહે છે કે, 'આપણી સલામતી અને સુરક્ષા માટે આ જવાનો કેવી કેવી પરિસ્થિતિમાં રહીને દુશ્મનોનો સામનો કરે છે. તેઓએ રાષ્ટ્રને માટે, તમારા માટે, મારા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. શહીદોને આર્થિક મદદ તો સરકાર કરે છે, પરંતુ તેમને વધુ જરૂર તો આપણા પ્રેમની, આપણી હૂંફની અને આપણી સાંત્વનાની છે અને તે પણ થોડા મહિના સુધી નહીં. બહુ લાંબા સમય સુધી મળવી જોઈએ.'

હાસ્ય

# અવ્યવસ્થા – જીવનનું કાવ્ય

રતિલાલ બોરીસાગર

અમારા એક મિત્ર છે. એમ.બી.એ.ના અભ્યાસક્રમમાં સિનિયર પ્રોફેસર છે. મૅનેજમેન્ટ વિશેનાં તેમનાં પેપર્સ આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં પ્રશંસા પામ્યાં છે, પરંતુ ઘરમાં એમના મિસમૅનેજમેન્ટથી એમનાં પત્ની ત્રાસી ગયાં છે ! એક વાર અમેરિકામાં યોજાયેલા પરિસંવાદ માટે તૈયાર કરેલા પેપરની ફાઈલ અને અન્ય સાહિત્ય વિમાન ઊપડવાનો સમય થવા આવ્યો ત્યાં સુધી જડ્યાં નહિ. પેપર રીડિંગ માટે શુભેચ્છાઓ પાઠવવા આવેલા સ્નેહીઓ, તેઓ શાંતિથી ફાઈલ શોધી શકે તે માટે, શુભેચ્છાઓ પાઠવી વહેલાં ઘેર જતા રહ્યા. એમાંના કેટલાકે વિમાન ઊપડે તે પહેલાં ફાઈલ જડી જાય તે માટે પણ શુભેચ્છાઓ પાઠવી. આખરે પસ્તી માટે જુદાં કાઢેલાં છાપાં અને મૅગેઝિનોના ઢગલામાંથી એમના નોકરે ફાઈલ શોધી કાઢી ! કેટલુંક સાહિત્ય તો જોકે છેવટ સુધી જડ્યું જ નહિ ! જેમતેમ કરીને તેઓ વિમાન પકડી શક્યા. એમના પેપરનો વિષય હતો : ‘બિઝનેસની સફળતામાં નાની નાની ચોકસાઈનું મહત્ત્વ’!

પ્રોફેસરસાહેબનાં પત્ની એમ.એ. થયેલાં છે. મૅનેજમેન્ટ વિશે તેઓ ખાસ કશું જાણતાં નથી, પરંતુ પતિ વિશે બધું જ જાણતાં હોવાથી, આવા અવ્યવસ્થિત પતિને મૅનેજ કરવાનો ઉપાય એમણે શોધી કાઢ્યો છે. એમણે પતિ માટે એક ખાસ મદદનીશ નિયુક્ત કર્યો છે. આ મદદનીશની માત્ર એક જ ડ્યૂટી - પ્રોફેસરસાહેબ જાગે એ પહેલાં આવી જવાનું અને સૂએ પછી જવાનું. આ સમયગાળામાં પ્રોફેસરસાહેબ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં ‘મેરા સાયા’ ફિલ્મની નાયિકાની જેમ ‘તુ જહાં-જહાં ચલેગા મેરા સાયા સાથ હોગા’ - ના સંકલ્પ સાથે પ્રોફેસરસાહેબની પાછળ પાછળ જવાનું - અંગરક્ષક તરીકે નહિ; વ્યવસ્થારક્ષક તરીકે !

સાહેબે બગીચામાં છોડી દીધેલાં પુસ્તકો જ્યાં હોય ત્યાંથી આ મદદનીશ લાવી આપે છે. રાત્રે સાહેબે અગાશીમાં મૂકી દીધેલું બ્રશ એ લાવી આપે છે; સાહેબે પુસ્તકનું પાનું યાદ રાખવા પુસ્તકમાં મૂકેલો દાંતિયો લાવી આપે છે; સાહેબનાં પાંચ જોડી ચશ્માંમાંથી, ઓછામાં ઓછું, એક જોડી ચશ્માં શોધવામાં એને હજુ સુધી તો નિષ્ફળતા નથી મળી. એટલે આ મદદનીશની નોકરી એકંદરે સલામત છે. એક વાર તો સાહેબે તુલસીક્યારામાં મૂકી દીધેલી બૉલપેન પણ આ મદદનીશે શોધી આપી હતી. આ કારણે સાહેબનાં પત્નીએ એને એક ખાસ ઇન્ક્રિમેન્ટ પણ આપ્યું હતું. જગતના સદ્‌ભાગ્યે આ પ્રોફેસરસાહેબની કક્ષાના અવ્યવસ્થિત મનુષ્યો આ જગતમાં ઝાઝા નહિ હોય, પરંતુ

એકદમ વ્યવસ્થિત હોય એવા મનુષ્યો પણ આ જગતમાં ઝાઝા નહિ હોય - કદાચ થોડા પણ નહિ હોય !

દરેક ચીજવસ્તુ એના ચોક્કસ સ્થાને મૂકવી જોઈએ એ અંગે ભાગ્યે જ મતભેદ હોઈ શકે, પરંતુ મોટા ભાગનાં - કદાચ બધાં જ - ઘરોમાં ચીજવસ્તુઓ એનાં ચોક્કસ સ્થાનોએ મુકાતી નથી હોતી એ વિશે પણ ભાગ્યે જ મતભેદ હોઈ શકે.

ઘરને અસ્તવ્યસ્ત કરવાની બાબતમાં મેં અનેક વિક્રમો સ્થાપ્યા છે. સવારે હું ઊઠું છું ત્યાં સુધીમાં પત્ની, પુત્રવધૂ અને ઘરનોકરે મળીને ઘરને વ્યવસ્થિત બનાવ્યું હોય છે, પરંતુ પહેલી તારીખે મળેલો પગાર જેમ લેણદારો મળે નહિ ત્યાં સુધી જ ટકી રહે છે, તેમ ઘરની આ વ્યવસ્થિતતા હું સૂતો હોઉં ત્યાં સુધી જ ટકે છે !

'ચરણ ચાંપી મૂછ મરડી' પત્ની મને જગાડે છે કે તરત જ ઘરમાં મારો પ્રભાવ શરૂ થાય છે. ઓઢેલી ચાદર દૂર ફંગોળી અમિતાભ બચ્ચનની અદાથી હું ઊભો થાઉં છું. (અમિતાભ બચ્ચન ઘણા વ્યવસ્થિત માણસ છે એમ સાંભળ્યું છે એટલે આ સરખામણી માત્ર સ્ટાઇલ પૂરતી જ સમજવી.) એક વસ્તુ શોધવા જતાં દસ વસ્તુઓ આડીઅવળી મૂકી દઉં છું. હું ઘરમાં કોઈ પુસ્તક, મૅગેઝિન, ઘડિયાળ કે ચશ્માં વગેરે શોધતો હોઉં છું ત્યારે ઘરના બધા સભ્યો ગભરાઈ જાય છે. બધા સર્વાનુમતે ઠરાવ કરી મને એક જગ્યાએ બેસાડી દે છે અને મારી ખોવાયેલી વસ્તુ શોધી આપે છે. બહારથી આવી, પૅન્ટ-શર્ટ બદલ્યા પછી સીધીસાદી રીતે ખીંટી પર લટકાવી દેવામાં મને કશું કાવ્યત્વ લાગતું નથી એટલે શર્ટને દૂરથી ફંગોળી ખીંટી પર લટકાવી દેવાના હેરતભર્યા પ્રયોગો હું આ ઉંમરે પણ કરી રહ્યો છું. એક વાર આ રીતે ફેંકેલું શર્ટ ખીંટી સુધી પહોંચવાને બદલે ચા લઈને આવી રહેલી પત્નીના ગળામાં ભેરવાઈ ગયેલું. આ કારણે સર્જાયેલી પરિસ્થિતિનું વર્ણન કરવામાં મારી અને વાંચવામાં તમારી શોભા નથી એટલે એ વર્ણન અત્રે સેન્સર કરી દેવામાં આવ્યું છે.

ગૃહવ્યવસ્થાના નિયમો રચવા જરૂર પણ આ બધા નિયમોનું પાલન થવા માંડે તો જીવનમાં યાંત્રિકતા ને શુષ્કતા વ્યાપી જાય. અવ્યવસ્થા એ જીવનનું કાવ્ય છે. આ રસિક કાવ્યના અનુભવથી માણસે વંચિત ન રહેવું જોઈએ.

મારા જીવનમાંથી તમે પ્રેરણા મેળવો. તમારાથી કે બીજાથી ઘરમાં બધું રમણ-ભમણ થતું રહે તો તમે જીવ ન બાળશો. 'આ તો આમ જ હોય' એમ સ્વીકારતાં શીખો. કોઈ પ્રસિદ્ધ ચિંતકે કહ્યું છે કે 'ઘર આરોગ્યપ્રદ હોય એટલું સ્વચ્છ જરૂર હોવું જોઈએ, પણ ઘર 'ઘર' લાગે એટલું અસ્તવ્યસ્ત ને ગંદું પણ હોવું જોઈએ.'

આપણું ઘર 'ઘર' લાગે, હોટેલ ન લાગે એવું ને એટલું અસ્તવ્યસ્ત ને ગંદું રાખવું એ દરેક ગૃહસ્થનો ધર્મ છે.

કાવ્યસંગીત

# સૂરીલાં સંભારણાં

**સુધા ભટ્ટ**

બહુમુખી પ્રવૃત્તિઓથી ધમધમતી સંસ્થા વિશ્વકોશનાં ચાળીસ વર્ષોની યાત્રા બહુ જ રોચક રહી. દીર્ઘદ્રષ્ટા અને કર્મઠ એવા પૂજ્ય ધીરુભાઈ ઠાકરે કોશકાર્યનો જે યજ્ઞ આદર્યો તેમાં ઉત્તરોત્તર કલા, સાહિત્ય અને ભાષાનાં અગત્યનાં અંગો જોડાતાં ગયાં. એમના જ સૂચનથી અહીં કાવ્યસંગીતશ્રેણીના શ્રીગણેશ થયા તે ખરે જ - શુભ ચોઘડિયે થયા. ગત બીજી ડિસેમ્બરે સ્થાપનાદિન સંદર્ભે સાત દિવસો સુધી 'વિશ્વસંસ્કૃતિપર્વ'ની ઉજવણીના ભાગ રૂપે અહોભાવથી જાણે કે અખંડ-સુગંધી દીવાની આરાધના થઈ હોય એમ વૈવિધ્યસભર પ્રવૃત્તિ પર્વનું આયોજન શ્રી કુમારપાળભાઈએ હોંશે હોંશે કર્યું. જેમાં ગત પહેલી ડિસેમ્બરે વિશ્વકોશનો હીરાલાલ ભગવતી સભાગૃહ રસિકોના અદમ્ય ઉત્સાહને કારણે વેળાસર ભરાઈ ગયો. અવિરત ચાલતી આ શબ્દ અને સૂરની યાત્રાના અઢારમે વર્ષે પણ કલાકારો તથા ભાવકો એકરૂપ થયા અને જાણે ગુર્જરી વિશ્વરૂપને વરી ! આ કાવ્યાત્મક તથા સાંગીતિક સફરયુગ્મના સારથિ છે જાણીતા ધારાશાસ્ત્રી અમર ભટ્ટ. સતત પંચોતેરમી આ પ્રસ્તુતિને અદના કલાકાર અમરભાઈએ અમર એ રીતે બનાવી દીધી કે પ્રથમ બેઠકથી લઈને આગલી બેઠકમાંથી પણ એમણે પસંદગીનાં ચુનંદાં ગીતો વીણીને સુંદર ગુલદસ્તો બનાવીને 'મને તો મૂળિયાં આવે યાદ'નો ભાવ રજૂ કર્યો. પ્રત્યેક પ્રસ્તુતિ સમયે કંઈક નવું પીરસવાની એમની ટેકને તેઓ વળગી રહીને સૂર, તાલ અને લયના વિશ્વમાં રમમાણ રહેતા આવે છે એ મુજબ ખૂબ સહજ રીતે સુજ્ઞ પ્રેક્ષકો સાથે સંવાદ સાધ્યો. વિશ્વકોશ યૂટ્યૂબ પર શત સ્વરાંકનો વહેતાં કરનાર અગ્રણી - માતૃભાષાના ગરવા ચાહક એવા અમરભાઈએ ૐકાર ઉચ્ચારણ સહ સરસ્વતી વંદના... 'સરસ્વતી વરદાયી...આવ્યો તુજ પાસે'થી શુભારંભ કર્યો. સ્વરકાર, ગાયક અને સંગીતકાર તરીકેની જે કળા એમને ઓળઘોળ છે એમાં પદ્યનાં વિવિધ સ્વરૂપોનો એમનો તલસ્પર્શી અભ્યાસ અમરભાઈને સુગમસંગીતવિશ્વમાં આગવી હરોળમાં બેસાડે છે.

કાર્યક્રમના દોરને આગળ વધારતાં અમરભાઈને ઉમાશંકર જોશીનું ગીત 'અમે ગીત ગગનનાં ગાશું' ગાતાં સાંભળવા એ એક લહાવો હતો. પ્રિયકાન્ત મણિયારના કાવ્ય 'આ નભ ઝૂક્યું તે કહાનજી'ના નોખા જ સ્વરાંકનનો લાભ ભાવકોને મળ્યો. સમાંતરે એમની વાતોમાંથીય જાણે કે લયકારીનો સરળ પ્રવાહ નીતરતો અનુભવાય. અન્ય કાવ્યાત્મક વિધાન જોડીને તેઓ લહેકે ઊચરે કે 'શબ્દ તણો છેડો કેમ થાય - આકાશને કેમ તોળાય ?' અને આખા હૉલમાં રસિકોનો કરતલધ્વનિ રૂપી જયઘોષ સાંભળવા મળે.

**(અનુસંધાન ૩૨મા પાને)**

ટેક્નોલૉજી

# વિવિધ એઆઈ ટૂલ્સનો વૈશ્વિક પ્રભાવ

હર્ષ મેસવાણિયા

૨૦૨૨ના અંતે એઆઈ ચૅટબોટ ચૅટજીપીટી લૉન્ચ થતાંની સાથે જ ૨૧મી સદીના ત્રીજા દશકામાં એઆઈના યુગનો આરંભ થયો. ચૅટજીપીટીના પગલે ગૂગલે એઆઈ ટૂલ જેમિનાઈને મેદાનમાં ઉતારીને મજબૂત ટક્કર આપી. એ પછી તો ગ્રોક, પરપ્લેક્સિટી સહિતનાં એઆઈ ટૂલ્સ આવ્યાં.

આ બધાના પરિણામે ૨૦૨૫નું વર્ષ એઆઈના નામે રહ્યું. નવા લૉન્ચ થનારા મોબાઈલથી લઈને ઇન્ટરનેટ સર્ચ, વીડિયો મેકિંગ, ફોટો એડિટિંગ વગેરેમાં એઆઈનો દબદબો જોવા મળ્યો. અહીં આપણે એવાં કેટલાંક એઆઈ ટૂલ્સ જોઈએ જે ૨૦૨૫ના વર્ષમાં સૌથી વધુ ચર્ચામાં રહ્યાં.

ગૂગલ જેમિનાઈ : ઓપનએઆઈ કંપનીના ચૅટબોટ ચૅટજીપીટીના લૉન્ચિંગ પછી પહેલી વખત ગૂગલ સામે સૌથી મોટો ખતરો સર્જાયો હતો. એમ મનાતું હતું કે ગૂગલ સર્ચનું સ્થાન જોખમમાં મુકાશે અને લોકો ચૅટજીપીટી તરફ વળી જશે, પરંતુ ગૂગલે જેમિનાઈ લૉન્ચ કરીને એનો ઉપયોગ કરનારાઓને ચૅટજીપીટીનો મજબૂત વિકલ્પ આપ્યો. ૨૦૨૫માં કેટલીય બાબતોમાં જેમિનાઈનો ઉપયોગ થયો. ટેક્સ્ટ, ઈમેજ, વીડિયો મેકિંગમાં જેમિનાઈનો સર્વાધિક ઉપયોગ થયો. એટલું જ નહીં, કોડિંગ અને રિસર્ચમાં પણ વપરાશકર્તાઓએ ચૅટજીપીટીની સરખામણીએ જેમિનાઈ પર વધુ ભરોસો કર્યો. જેમિનાઈએ ઑલ-ઇન-વન જેવી ભૂમિકા ભજવી. મોબાઇલમાંથી જેમિનાઈનો એક્સેસ ખૂબ સરળ હોવાથી એનો ઉપયોગ કરનારાઓ એના તરફ વળ્યા. ટૅક્નૉલૉજીમાં ગૂગલ(આલ્ફાબેટ કંપની)નો ફેલાવો ઘણો મોટો છે. જીમેઇલથી લઈને યૂટ્યૂબ, સર્ચ એન્જિન ગૂગલ, પ્લે સ્ટોર સુધી કંપની એટલું બધું ઑફર કરે છે કે એનો ઉપયોગ કરનારને એના વગર ચાલવાનું નથી. ગૂગલે એ તમામ સાથે કોઈ ને કોઈ રીતે જેમિનાઈને જોડી દીધું હોવાથી આ ટૂલ વધારે ઉપયોગમાં લેવાયું અને ચૅટજીપીટીને ટક્કર આપનારા એઆઈ ચૅટબોટ તરીકે આ વર્ષે જેમિનાઈનો ઉદય થયો.

જેમિનાઈ એઆઈ ફોટો : એક્સ પ્લૅટફૉર્મ અને ઇન્સ્ટાગ્રામમાં જે ફોટો ટ્રેન્ડ થયા એમાંથી અડધોઅડધ તો જેમિનાઈ એઆઈ ફોટો ટૂલમાં બનેલા હતા. પોસ્ટર્સ, કાર્ટૂન, પ્રૉફેશનલ પૉર્ટ્રેટ, ઍનિમેટેડ ફોટો વગેરે બનાવવામાં જેમિનાઈનું કામ સૌથી વધુ વખણાયું. થીમ અને ઑટો સજેશન્સ, સ્ટાઇલ વગેરે કેટલાય વિકલ્પો આ ટૂલમાં મળે છે. ફોટોશૉપ વગર પ્રો એડિટિંગ માત્ર સરળ પ્રોમ્પ્ટ આપીને કરી શકાતું હોવાથી એનો ઉપયોગ કરનારે ૨૦૨૫માં આ ટૂલ પાસેથી વધુ કામ લીધું.




ચૅટજીપીટી : ઘણાં ક્ષેત્રોમાં ફર્સ્ટ પ્લેયર્સ હોવાનો ફાયદો મળતો હોય છે. ફર્સ્ટ પ્લેયર એટલે શરૂઆતમાં જ જે તે ક્ષેત્રમાં એન્ટ્રી મેળવનાર. એઆઈના સંદર્ભમાં ચૅટજીપીટી ફર્સ્ટ પ્લેયર છે અને તેનો ફાયદો પણ એને મળે છે. એઆઈના આટઆટલા વિકલ્પો છતાં હજુય કરોડો વપરાશ કરનારાઓના મોબાઇલમાં ચૅટજીપીટી છે. ૨૦૨૫માં ચૅટજીપીટી પાસેથી વપરાશ કરનારે કૉન્ટેન્ટ રાઇટિંગ, આર્ટિકલ, પોસ્ટ માટે કેપ્શન્સ, કોડિંગ, બિઝનેસ આઇડિયા જેવું કામ લીધું. હકીકતમાં તો અમુક બાબતોમાં તો વપરાશ કરનારાની પહેલી પસંદ જ ચૅટજીપીટી હોવાથી એ વિશ્વાસપાત્ર એઆઈ ટૂલ તરીકે બહાર આવ્યું છે. ચૅટજીપીટી આ વર્ષે જિબલી ઇમેજ ક્રિએટ કરવાના ટ્રેન્ડના કારણે પણ ઘણી ચર્ચામાં રહ્યું. જાપાનના જિબલી આર્ટ સ્ટુડિયોની થીમ પરથી સેંકડો ઉપયોગકર્તાઓના ઍનિમેટેડ ઇફેક્ટના ફોટો ચૅટજીપીટીએ ક્રિએટ કરી આપ્યા. માર્ચ-એપ્રિલમાં વિશ્વભરમાં ૮૦ કરોડ જિબલી ઇમેજ ક્રિએટ થઈ હતી.

ફ્લો : ઑફિસના કર્મચારીઓને તેમના પ્રૉફેશનલ કામમાં ફ્લો એઆઈની ઘણી મદદ મળી. આ એઆઈ ટૂલ કામને ઑટો ઑર્ગેનાઇઝ્ડ, ઑટો ડ્રાફ્ટ, ઑટો ઑપ્ટિમાઇઝ કરે છે. એઆઈના ટોપ-૧૦ ટ્રેન્ડમાં ફ્લોનો સમાવેશ થતો હતો. ફ્લોથી સેંકડો કર્મચારીઓનું ઑફિસનું કામ આસાન બન્યું છે. પ્રોડક્ટિવિટી માટે આ ટૂલ ગેમચેન્જર સાબિત થયું. ફ્લો પણ ગૂગલનું જ છે. ગૂગલે ઑફિસના કર્મચારીઓને ધ્યાનમાં રાખીને આ એઆઈ ટૂલ બનાવ્યું છે.

ગ્રોક : અન્ય એઆઈ ટૂલ કરતાં ગ્રોકમાં થોડી જુદી ખૂબી છે. એ ઇમેજ, ઓડિયો, વીડિયોનું નરેશન કરી શકે છે. ગ્રોકમાં મલ્ટિમૉડલ ફંક્શન્સ સપોર્ટ કરે છે અને એ તેને વિશેષ બનાવે છે. ઈલોન મસ્કે ટ્વિટર ખરીદ્યું અને એને 'એક્સ' નામ આપ્યું એ પછી ગ્રોક પર કામ શરૂ થયું હતું. શરૂઆતમાં ગ્રોકને એક્સ પ્લૅટફૉર્મ સાથે જોડવામાં આવ્યું


હતું, પછીથી અલગ રીતે પણ એનો ઉપયોગ થાય, એ રીતે સ્વતંત્ર ટૂલ બનાવ્યું છે. શૈક્ષણિક અને ડિજિટલ કૉન્ટેન્ટ બનાવવામાં ગ્રોકનો ઉપયોગ વધારે થયો છે. કોઈ સવાલ પૂછ્યા પછી રસપ્રદ અને બૌદ્ધિક જવાબો આપવામાં ગ્રોકની કુશળતા છે, તેથી એક્સ યૂઝર્સમાં એનો ઉપયોગ આ વર્ષે સતત વધ્યો.

પરપ્લેક્સિટી : આ એઆઈ ટૂલ પણ એમ તો બે-અઢી વર્ષ પહેલાં લૉન્ચ થયું હતું, પરંતુ તેનું અપડેટેડ વર્ઝન ૨૦૨૫માં આવ્યું અને પછી લોકપ્રિય થયું. એને સ્માર્ટ ગૂગલિંગ કહેવાય છે, કારણ કે પરપ્લેક્સિટી લાર્જ લૅંગ્વેજ મૉડલ આધારિત સર્ચિંગનો જવાબ આપે છે. દરરોજ દુનિયાભરમાંથી પરપ્લેક્સિટીને ૩ કરોડ સવાલો પૂછવામાં આવે છે, એના પરથી અંદાજ લગાવી શકાય કે તેનો ઉપયોગ આ વર્ષમાં કેટલો વધી ગયો છે.

ડીપસીક : ચાઇનીઝ એઆઈ એપ ડીપસીકે આ વર્ષે ભારે ચર્ચા જગાવી. આમ તો ૨૦૨૩માં લૉન્ચ થયેલું આ ટૂલ ૨૦૨૫માં એકાએક ઓપન એઆઈના ચૅટબોટ ચૅટજીપીટીને પાછળ રાખીને ગૂગલ પ્લે સ્ટોરમાં ટોપ રેટેડ ફ્રી એપ બની ગઈ. કરોડો વપરાશકર્તા વધ્યા. ખૂબ ઝડપથી રિસ્પૉન્સ આપવાની તેની ક્ષમતા અજોડ સાબિત થઈ. કોડિંગ, રિસર્ચ અને આઇડિયા જનરેટ કરવામાં પણ તેની ઝડપ અન્ય તમામ એઆઈ ટૂલથી ઝડપી રહી. ચીનની કંપનીની એપ હોવાથી ડેટા ચોરીનો ખતરો રહેશે એવી નિષ્ણાતોની ચેતવણીની પરવા કર્યા વગર કરોડો વપરાશકારોએ આ વર્ષે ડીપસીક પર ભરોસો કર્યો. ચીન ઉપરાંત અમેરિકા, બ્રિટન અને ભારતમાં તેના સૌથી વધુ ઉપયોગકર્તા વધ્યા.

ગૂગલ એઆઈ સ્ટુડિયો : દુનિયાભરના એઆઈ ક્રિએટર્સ અને ડેવલપર્સ માટે આ એઆઈ સ્ટૂડિયો અડ્ડો બની રહ્યો. જનરેટિવ એઆઈ એપ્સ બનાવવા અને પ્રોટોટાઇપ બનાવવામાં આ સ્ટુડિયો ખૂબ ઉપયોગી સાબિત થયો. ડેવલપર્સ ફ્રેન્ડલી સ્ટુડિયો હોવાથી આ વર્ષે તેનો ઉપયોગ વધ્યો. અત્યારે બીજી બધી કંપનીઓ હજુ માત્ર એઆઈ ચૅટબોટ બનાવીને લૉન્ચ કરે છે, ત્યારે ગૂગલે જનરેટિવ એઆઈ એજન્ટ બનાવવા માટે ક્રિએટર્સ માટે સ્ટુડિયો જ બનાવી આપ્યો. આ સ્ટુડિયોથી ગૂગલે એઆઈમાં એક નવા ટ્રેન્ડનો પ્રારંભ કર્યો છે.

---

પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલની ભાવનાને અનુલક્ષીને
પ્રગટ થતું, નારી સર્જકતાને સંકોરતું સાહિત્ય,
જ્ઞાન અને કળાનું વિશિષ્ટ ત્રૈમાસિક.

**વિશ્વા**

**વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦/–**

સ્થાપત્ય

# વાંસના તરતા મકાનનો નમૂનો

હેમંત વાળા

એચ ઍન્ડ પી આર્કિટેક્ટ્સ દ્વારા વિયેતનામમાં બનાવાયેલાં આ નમૂનાનાં બે ઘર છે, જે વર્ષ ૨૦૨૨માં તૈયાર થયાં હતાં. અહીંનો પ્રથમ નમૂનો ૩૬ ચોરસ મીટર વિસ્તારનો જ્યારે બીજો નમૂનો તેનાથી મોટો ૪૮ ચોરસ મીટર વિસ્તારનો છે. આમાંનું નાનું ૩૬ ચોરસ મીટરના વિસ્તારનું ઘર આવાસ-સ્થાપત્યને લગતા ઘણા વિષયોની ચર્ચાનું નિમિત્ત બની શકે તેમ છે. આ ઘર વિયેતનામી પરંપરાગત વાંસના પેવિલિયનની યાદ અપાવી શકે તેવું છે. જેમની આજીવિકા નદી આધારિત હોય તેમને માટે આ નમૂનો ભવિષ્યમાં ઉપયોગી તેમજ સ્વીકૃત બની શકે એમ કહેવામાં આવે છે. એક ગણતરી પ્રમાણે જ્યારે આ પ્રકારનાં વાંસનાં તરતાં ઘરોની સંખ્યા વધશે ત્યારે સામૂહિક ઉપયોગિતા માટે તથા શાકભાજી ઉગાડવા માટે પણ આ જ પ્રકારની વાંસની, પણ વિસ્તૃત રચના બનાવવામાં આવશે. આ વાંસના તરતા ઘરનો નમૂનો બનાવવા પાછળનું એક કારણ એ પણ છે કે, એક ગણતરી પ્રમાણે વિયેતનામનો ઘણો વિસ્તાર, દરિયાના પાણીની સપાટી ઊંચી આવવાને કારણે, જળમગ્ન થતો જશે. તે વખતે આ પ્રકારની રચનાની આવશ્યકતા ઊભી થશે. તે વખતે આ પ્રકારની રચના સ્થિર, સલામત અને આબોહવાને યોગ્ય રીતે પ્રતિભાવ આપી શકે તેવી બની રહેશે એમ માનવામાં આવે છે. એ રીતે આ વર્તમાનની જરૂરિયાત ઉપરાંત ભવિષ્યના આયોજન સમાન રચના છે. અત્યારે અને તે વખતે સમાજમાં તેની સ્વીકૃતિ કેટલી હશે તે સમજવું પડે.

વાંસના આ તરતા ઘર નીચે રખાયેલ પ્લાસ્ટિકના ઘનાકાર પીપને કારણે તરતાં રહી શકે છે. આ પીપ સાથે વ્યવસ્થિત રીતે મજબૂતાઈથી ઘરનું માળખું તેમજ ફરસને જોડવામાં આવ્યું છે. આ પીપની વચ્ચે એક શુદ્ધ પાણીની ટાંકી રખાઈ છે જેમાં વરસાદનું પાણી એકત્રિત થાય તેવી વ્યવસ્થા છે. અન્ય એક પીપ સેપ્ટિક ટૅન્ક તરીકે કામ આપે છે. આમાંનો નાનો નમૂનો ૬.૦૦ × ૬.૦૦ મીટરના માળખા પર ગોઠવાયેલી બે માળની રચના છે જેમાં નાના કુટુંબ માટે જરૂરી કહી શકાય તેવી દરેક વ્યવસ્થા છે. અહીં એક નમૂનામાં ઉપરના માળને વિસ્તૃત કરવાની સંભાવના પણ છે. પ્રારંભિક દૃષ્ટિએ આ એક સ્વીકૃત રચના બની શકે પરંતુ લાંબા સમય સુધી તેની ઉપયોગિતામાં સરળતા રહેશે કે નહીં તે વિચારવું પડે. યોજના પ્રમાણે મોડ્યુલર કહી શકાય તેવી આ રચનાની જરૂરિયાત પ્રમાણે સંખ્યા વધારાશે અને પછી ત્યાં આવનજાવન માટે પ્રાથમિક સેતુ ઉપરાંત નાની નૌકાનો પણ ઉપયોગ કરવો પડશે.

૩૦થી ૪૫ મીમી. વ્યાસના ૬ મીટર સુધી લાંબા વાંસ, વાંસની વણાયેલી સાદડીઓ, વાંસની પટ્ટીઓ તથા ક્યાંક કાચની બાટલીઓનો પણ ઉપયોગ અહીં જોવા મળે છે.



તે ઉપરાંત અહીં નીચેના ભાગમાં લોખંડના માળખાનો પણ ઉપયોગ થયો છે. વળી ક્યારેક ‘પાણી-બંધ’ બાંધકામ માટે પ્લાસ્ટિકનો પણ ઉપયોગ થયો હશે. આ બધી સામગ્રીનો ઉપયોગ પરંપરાગત તેમજ આધુનિક તકનીકના પ્રયોજનથી કરાયો છે. વાતાવરણની અનુકૂળ પરિસ્થિતિનો મહત્તમ ઉપયોગ થઈ શકે અને વિપરીત પરિસ્થિતિથી શક્ય એટલું રક્ષણ મળી શકે તે રીતે અહીં બારી-બારણાં પ્રયોજાયાં છે. ઊર્જા માટે અહીં સૌર-ઊર્જાનો ઉપયોગ કરવા માટેની વ્યવસ્થા પણ છે.

આ સમગ્ર રચના વાંસના બાંધકામને આધારિત છે. દીવાલ, છત, ફરસ, બારી, બારણાં, રાચરચીલું, દાદર, છજ્જા - બધું જ વાંસમાંથી. એકંદરે જોવામાં સારું લાગે પણ ઉપયોગિતા વિશે પ્રશ્નો ઊભા થાય જ. આ સમગ્ર બાંધકામ છિદ્રાળુ બને અને તેથી ભેજ પણ આવે, જીવજંતુ પણ આવે અને પવન પણ આવે. ભેજ અને જીવજંતુ પ્રશ્નો ઊભા કરે જ્યારે ભેજવાળી આબોહવામાં પવન ઇચ્છનીય ગણાય. આ પ્રદેશમાં વરસાદ પણ વધુ રહેતો હોય છે અને તેવા સંજોગોમાં આ રચના કેટલી કારગત નીવડે તે ચકાસવું પડે. જોકે ક્યાંક પ્લાસ્ટિકના આવરણની સંભાવના છે પણ તે કાયમી ઉકેલ ન કહેવાય. જ્યારે વ્યક્તિ ઘર બનાવે ત્યારે એવી ઇચ્છા હોય કે ઘરનું આયુષ્ય પોતાના આયુષ્ય કરતાં વધારે રહે.

ભૌમિતિક આકારની સ્પષ્ટતા, વાંસ સહિત બાંધકામની દરેક સામગ્રીનો અસરકારક ઉપયોગ, પરંપરાગત ઢળતાં છાપરાંનો વ્યવહારુ ઉપયોગ, શુદ્ધ તેમજ અશુદ્ધ પાણી માટેની સચોટ વ્યવસ્થા, કિંમતના ઘટાડા માટે મળેલી સફળતા, મૂળભૂત જરૂરિયાતોનો સમાવેશ, આબોહવાનાં વિપરીત પરિબળોનું શક્ય હોય તેટલું નિયમન, પરંપરા સાથે જળવાતો સંબંધ, ભવિષ્યના પ્રશ્નને ઉકેલવાની તત્પરતા અને તે બધા સાથે નવા જ પ્રકારનો ઉત્સાહપૂર્વકનો પ્રયોગ - આ રચનાની આ કેટલી ખાસ વાતો છે. તે છતાં

પણ એમ તો કહેવું જ પડે કે ક્યાંક આ રચના 'રોમૅન્ટિક' જણાય છે. અહીં એક વિચારને કદાચ સ્વીકૃત મર્યાદાની બહાર સુધી લઈ જવાનો પ્રયત્ન થયો છે. સાંપ્રત સમયે જ્યાં દરેક પ્રક્રિયા માટે ચોક્કસ ઉપકરણની આવશ્યકતા જણાતી હોય, દરેક પ્રક્રિયા માટે ચોક્કસ પ્રકારની સગવડ જરૂરી હોય, દરેક ઉપયોગિતા માટે નિતનવી સામગ્રી આવતી હોય, ત્યાં પરિસ્થિતિનું આટલું 'સામાન્યીકરણ' કેટલું સ્વીકૃત થશે તે વિચારવું પડે.

ઘણી વાર એ પણ પ્રશ્ન થાય કે આ પ્રકારની રચનાને આધુનિક પરિભાષા પ્રમાણે 'ઘર' કહેવાય કે નહીં. સંસ્કૃતમાં જેને કુટીર અથવા કુટી કહી શકાય તે પ્રકારની આ રચના છે. ભારતીય સંસ્કૃતિમાં આ પ્રકારની કુટીર જંગલમાં બનાવાતી જે પ્રમાણમાં ઓછી મજબૂત તેમજ વારંવાર માવજત માંગી લે તેવી રહેતી. વર્તમાન સમયમાં અમુક સમય સુધી રહેવા માટે, કદાચ, મજા આવે તેવી આ રચના છે. કોઈ રિસૉર્ટમાં તેની સ્વીકૃતિ વધુ હોઈ શકે. જ્યારે નિયમિત ઘરની વાત કરીએ ત્યારે પ્રશ્ન એ થાય કે આ પ્રકારની રચના વર્તમાનમાં અને ભવિષ્યમાં શું સ્વીકૃત રહેશે ? ✍

---

**(૨૬મા પાનાનું ચાલુ)**

અતિ આધુનિક યુગનાં યુવા કલાકાર હિમાલી વ્યાસ નાયકે પણ સમયોચિત સહકાર સાધીને કાર્યક્રમને પોતાના સૂરીલા કંઠ વડે જાણે કે સજાવ્યો ! સપ્તક શિખરે પહોંચતી તેમની ગાયકીએ રંગમાં રંગ ભેળવી મેઘધનુષ્ય રચ્યું. મોખરાના કવિઓ, સ્વરકારો તેમજ જીવનનો હિસ્સો બની જાય એ ઘટનાને હિમાલી 'ધન્ય ક્ષણ' કહીને નવાજે છે. 'કોકિલા તું ધીમે ધીમે ગા કે મારો જીયરો દુભાય' ગીતને માણતાં માણતાં કદાચ ભાવકો એવું મનમાં બોલ્યા હશે કે 'ગા...કોકિલા - તું હજી ગાને...!' એક તોફાની નટખટ છોકરીની રમતીલી-ગમતીલી રચના જ્યારે હિમાલીએ રજૂ કરી ત્યારે એમના કંઠનાં કામણ સૌને સ્પર્શી ગયાં.

'તો... પપ્પા...હવે ફોન મૂકું...હું તો મોબાઇલની ડાળથી ટહુકું...' આ બહુદિશ વૈવિધ્યને વરેલા કલાકાર પાસેથી પોપ-ફ્યૂઝન, ભારતીય-પાશ્ચાત્ય, શાસ્ત્રીય સંગીત, ગઝલ-નઝમ - સઘળુંય તેની ચોક્કસ વ્યાખ્યામાં સાંભળવા મળે. બેગમ અખ્તર જેવાં લિજેન્ડરી ગાયિકાના મુખેથી સરતી કવિ મરીઝની રચના 'મેં ત્યજી તારી તમન્ના...તેનો આ અંજામ છે...' એમણે રજૂ કરી ત્યારે સૌ ધ્યાનસ્થ થઈ ગયા અને આ આખી ઘટના સૌનાં હૃદયમાં કંડારાઈ ગઈ.

ત્યારબાદ વળી પાછા અમરભાઈએ માતૃભાષાનું મહિનાગાન કરી રાગ ભૈરવીમાં સમાપન કર્યું. કબીરસાહેબની રચના 'શબ્દકો ખોજી લે... શબ્દકો બૂઝી લે... શબ્દ આકાશ હૈ...પાતાલ હૈ...શબ્દ હી પિંડ બ્રહ્માંડ...' ગાયનના વિવિધ પ્રકારો-પ્રવાહો અને સુગમસંગીતને કર્ણવગાં કરી 'ઘડીક ઘડિયાળમાં ઘડી થંભી ગઈ હોત તો...' એવું વિચારતાં-વાગોળતાં બંને કલાકારોને નવાજતાં સૌ વિખરાયાં. ✍

# આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

**◈ ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬, બુધવાર : સાંજના ૫-૩૦**

સુમન ઘોષદિગ્દર્શિત અને કોંકણા સેન અને પરમબ્રત ચેટર્જી અભિનીત બંગાળી ફિલ્મ 'કાદંબરી'(૮૭ મિનિટ)ની પ્રસ્તુતિ.

**◈ ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬, બુધવાર : સાંજના ૫-૩૦**

વિષય : વિદેશવાસી ગુજરાતીઓ : આકાંક્ષાઓ, પડકારો અને સિદ્ધિઓ

વક્તા : શ્રી પૂર્ણિમાબહેન ભટ્ટ

## માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

**◈ ૮ જાન્યુઆરી, ૨૦૨૬, ગુરુવાર : સાંજના ૫-૦૦**

વિષય : જોડણીપરિચય

વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર, ડૉ. પિંકી પંડ્યા અને શ્રી નિસર્ગ આહીર

**◈ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬, ગુરુવાર : સાંજના ૫-૦૦**

વિષય : ટૂંકી વાર્તાનો આસ્વાદ

વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

## નારીકોશ : વિમોચન-સમારોહ

**◈ ૩ જાન્યુઆરી, ૨૦૨૬, શનિવાર : સાંજના ૫-૩૦**

વિશ્વકોશ દ્વારા તૈયાર થયેલા નારીકોશ(ભાગ ૧થી ૩)નું લોકાર્પણ.

વક્તવ્ય : શ્રી રેનાના જાબવાલા (સેવા ભારતનાં પ્રમુખ અને સામાજિક કાર્યકર્તા), શ્રી જ્યોત્સ્ના યાજ્ઞિક (પૂર્વન્યાયાધીશ), શ્રી દેવાંગી ભટ્ટ જોશી (જાણીતાં લેખિકા અને રંગમંચનાં કલાકાર)

## શ્રી પી. જી. શાહ સ્મૃતિ-વ્યાખ્યાનશ્રેણી

**◈ ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬, મંગળવાર : સાંજના ૫-૩૦**

વિષય : અધ્યાત્મ અને વિજ્ઞાન

વક્તા : ડૉ. પંકજ જોશી

## શ્રી યશવંત દોશી સ્મૃતિ-વ્યાખ્યાનશ્રેણી

**◈ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬, શનિવાર : સાંજના ૫-૩૦**

વિષય : પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પની વિદેશનીતિ : ભારતના સંદર્ભમાં

વક્તા : શ્રી નટવર ગાંધી

## વિશ્વકોશના પ્રણેતા શ્રી ધીરુભાઈ ઠાકરની પુણ્યસ્મૃતિએ વ્યાખ્યાન

**◈ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૬, શનિવાર : સાંજના ૫-૩૦**

વિષય : જીવનલક્ષ્યની શોધમાં

વક્તા : પૂજ્ય શ્રી અક્ષરવત્સલસ્વામી

## કવિ શ્રી નિરંજન ભગત શતાબ્દી-વર્ષે

**◈ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬, રવિવાર : સવારે ૧૦-૦૦થી ૧-૦૦**

નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટના ઉપક્રમે

શ્રી નિરંજન ભગતના ત્રણ લેખ - નરસિંહ મહેતા, મીરાં અને ચિત્રાંગદા વિશે ગોળમેજી પરિસંવાદ.

### આસ્વાદ

**◈ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬, શનિવાર : સવારે ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં ‘કાવ્યમાં કાયદો અને કાયદામાં કાવ્ય : સંગીતસભર સફર’ વિશે વિખ્યાત ગાયક અને સ્વરકાર શ્રી અમર ભટ્ટની પ્રસ્તુતિ.

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની યૂટ્યૂબ ચૅનલ પર દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

જાન્યુઆરી મહિનામાં ૪ જાન્યુઆરીએ ‘નવા વર્ષની નવી સવાર’, ૧૮ જાન્યુઆરીએ ‘વાઘ બન્યો દોસ્ત’ વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ તથા ૧૧ જાન્યુઆરીએ ‘પતંગ ચગાવવાની મજા’ અને ૨૫ જાન્યુઆરીએ ‘વિદ્યાનું અભિમાન કરે નુકસાન’ વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

# વિશ્વસંસ્કૃતિપર્વના કાર્યક્રમો



**‘હમારા સમય, હમારા સાહિત્ય’** વિશે
જાણીતા સાહિત્યકાર અને વિવેચક
શ્રી અશોક વાજપેયીનું
વક્તવ્ય અને કાવ્યપઠન



‘ફિલ્મના વિષયવસ્તુમાં સર્જનાત્મકતા’ વિશે
જાણીતા ફિલ્મ પટકથાલેખક અને દિગ્દર્શક
શ્રી અભિજાત જોશીનું વક્તવ્ય




‘સૂરીલાં સંભારણાં : અનોખા અંદાજમાં’ કાર્યક્રમ અંતર્ગત
સર્વશ્રી અમર ભટ્ટ, હિમાલી વ્યાસ નાયકની
કેટલાંક અવિસ્મરણીય કાવ્યોની સંગીતસભર પ્રસ્તુતિ





દીપકમલ થિયેટર દ્વારા ‘અનાહતા’ નવલકથા પર આધારિત ‘અનાહતા’
(અગ્નિપરીક્ષાથી મોક્ષ સુધી) નાટકની પ્રસ્તુતિ. લેખક-દિગ્દર્શક : કમલ જોષી

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.

# વિશ્વસંસ્કૃતિ પર્વ અંતર્ગત યોજાયેલા કાર્યક્રમોની દૈનિકપત્રમાં આવેલી નોંધ



સાત દિવસીય મહોત્સવમાં ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ અને કલાનો સંગમ

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના 40 વર્ષ નિમિત્તે વિશ્વસંસ્કૃતિપર્વ મહોત્સવ ઊજવાશે

નવગુજરાત સમય > અમદાવાદ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ છેલ્લાં 40 વર્ષથી ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના પ્રસાર-પ્રસાર માટે તેમજ ગુજરાતની અસ્મિતાના સંવર્ધન માટે સતત કાર્યરત છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એક કાર્યક્રમમાં નર્મદા જેમ ગુજરાતની જીવાદોરી છે તેમ ગુજરાત વિશ્વકોશ રાજ્યની સાંસ્કૃતિક દોરી છે, એવું કહીને સન્માની હતી, એવી આ સંસ્થા પોતાની 40 વર્ષની સફરની ઉજવણી 'વિશ્વસંસ્કૃતિપર્વ' મહોત્સવ દ્વારા કરવા જઈ રહી છે.

'વિશ્વસંસ્કૃતિપર્વ' મહોત્સવ અંગે જાણકારી આપતાં વિશ્વકોશના વડા અને પદ્મશ્રીથીસન્માનિતસાહિત્યકારકુમારપાળ

વિશ્વકોશના વડા કુમારપાળ દેસાઈ અને ટ્રસ્ટી પી.કે. લહેરીએ વિશ્વસંસ્કૃતિપર્વ અંગે જાણકારી આપી

યોજાશે. મહોત્સવ અંગે વધુ માહિતી આપતાં દેસાઈએ જણાવ્યું હતું કે આ મહોત્સવમાં હિન્દી અને મરાઠી ફિલ્મના જાણીતા અભિનેતા અમોલ પાલેકર, વરિષ્ઠ સાહિત્યકાર અશોક વાજપેયી, વિખ્યાત પટકથાલેખક અભિજાત જોશી.

'વિશ્વસંસ્કૃતિપર્વ' મહોત્સવનો પ્રારંભ

## અમોલ પાલેકરે વિશ્વકોશમાં રજૂ કરી 'વ્યૂફાઈન્ડર'ની સફર

નવગુજરાત સમય > અમદાવાદ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ છેલ્લાં 40 વર્ષથી ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના પ્રસાર-પ્રસાર માટે તેમજ ગુજરાતની અસ્મિતાના સંવર્ધન માટે સતત કાર્યરત છે. ગુજરાત વિશ્વકોશ રાજ્યની સાંસ્કૃતિક દોરી એવી આ સંસ્થાની 40 વર્ષની સફરની ઉજવણી 'વિશ્વસંસ્કૃતિપર્વ' મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. 30 નવેમ્બરથી 6 ડિસેમ્બર દરમિયાન વિશ્વકોશના 40 વર્ષ નિમિત્તે 'વિશ્વસંસ્કૃતિપર્વ' મહોત્સવનું આયોજન કરાયું છે.આ મહોત્સવના પ્રથમ કાર્યક્રમમાં હિન્દી અને મરાઠી ફિલ્મના જાણીતા અભિનેતા અમોલ પાલેકર પોતાના આત્મકથાત્મક પુસ્તક 'વ્યૂફાઈન્ડર' સાથે આવ્યા હતા. તેમની સાથે આ કાર્યક્રમમાં તેમના પત્ની સંધ્યા ગોખલે પણ જોડાયાં હતાં.

આ પુસ્તક અંગે અમોલ પાલેકરે 'ચાર દાયકાની યશસ્વી સફર' વિશે વિશ્વકોશના નીતિન શુક્લા અને નીના

ચાલીસ વર્ષની ઉજવણી 'વિશ્વસંસ્કૃતિ પર્વ' : દિવસ ૨

## ગુજરાત વિશ્વકોશ દ્વારા ગુજરાતી કવિતાઓનો શ્રૃંગાર અર્પણ કરાયો

ગુજરાત વિશ્વકોશ સ્થાપના દિન : ચાર દાયકાની શબ્દ સેવા

## ગુજરાત પાસે પોતાનો વિશ્વકોશ એ અદભુત ઉપલબ્ધી : અશોક વાજપેયી

(યતિન શુક્લ) અમદાવાદ તા.૨

ગુજરાત વિશ્વકોશની સ્થાપનાનાં ૪૦ વર્ષ પુરા થયાની ઉજવણી અંતર્ગત યોજાયેલ વિશ્વસંસ્કૃતિ પર્વનાં ત્રીજા દિવસે જાણીતા સાહિત્યકાર અને વિવેચક અશોક વાજપેયીનું 'હમારા સમય, હમારા સાહિત્ય' વિશે વ્યાખ્યાન યોજાયું હતું. આ પ્રસંગે સંસ્થાના અધ્યક્ષ પદ્મ શ્રી કુમારપાળ દેસાઈ અને જાણીતા લેખક અને પૂર્વ અધિકારી પી કે લહેરીએ મહેમાનને સંસ્થા અને સંસ્થાની પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. સંસ્થાનાં ૪૦માં વર્ષ પૂર્ણ થયે સંસ્થાને નિસ્વાર્થ મદદ કરતાં મહાનુભાવોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

ગુજરાત વિશ્વકોશનાં ચાર દાયકાનાં સફરની ઉજવણી

## એક સંસ્કારી કુટુંબ સમાજને શું આપી શકે તેનું ઉત્તમ ઉદાહરણ એટલે "અભિજાત જોશી" : કુમારપાળ દેસાઈ

અમદાવાદ તા.૩

## અમદાવાદ શહેર ન હોય તો 'થ્રી ઇડિયટ્સ' અને 'લગે રહો મુન્નાભાઈ' ન બની હોત : અભિજાત જોશી

નવગુજરાત સમય > અમદાવાદઃ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ 2025ના વર્ષને વિશ્વસંસ્કૃતિપર્વ તરીકે ઉજવી રહ્યું છે. ત્રીજી ડિસેમ્બરે 'ફિલ્મના વિષયવસ્તુમાં સર્જનાત્મકતા' એ વિષય પર અભિજાત જોશીએ વક્તવ્ય આપ્યું હતું. તેમણે કહ્યું કે મેં પ્રથમ પુસ્તક વાંચ્યું તે કુમારપાળ દેસાઈનું 'અપંગના ઓજસ'. અમદાવાદ શહેર ન હોય તો મારી બે ફિલ્મો કદાચ ન બની હોત. 'થ્રી ઈડિયટ્સ' અને 'લગે રહો મુન્નાભાઈ' - આ બંને ફિલ્મની ભૂમિકા અમદાવાદમાં ઘડાઈ છે. 'લગે રહો મુન્નાભાઈ'માં તેમણે ગાંધીને યાદ કર્યા છે. તો 'થ્રી ઈડિયટ્સ'માં તેમણે કૉલેજ કાળના મિત્રોની વાત મૂકી આપી છે. આ બંને ફિલ્મો કઈ રીતે બની, કેવા સંજોગોમાં બની તેની વાત તેમણે તેમના વક્તવ્યમાં કરી આપી. આરંભમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પદ્મશ્રી કુમારપાળ દેસાઈએ અભિજાત જોશીના પરિવાર સાથેની સ્મૃતિઓને તાજી કરી. ફિલ્મમાં રસ ધરાવતા રસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત

SAHITYA PARVA 'વિશ્વ સંસ્કૃતિ પર્વ'માં બોલીવૂડ એક્ટર અમોલ પાલેકરે કહ્યું,

## કલાકારે સ્પર્ધકના ક્રિએટિવ ડિફ્રેન્સ સમજતાં શીખવું જોઈએ

થિયરી કરતાં એક્ટિંગ શીખવા ઓબ્ઝર્વ કરો

વિશ્વસંસ્કૃતિ પર્વ એટલે શિક્ષણનાં તેજનો ઉત્સવ : કુમારપાળ દેસાઈ

## પ્રદુષણ, ભ્રષ્ટાચાર, દુઃખ અને ક્રૂરતા એ આજનાં શિક્ષણનું પરિણામ : અરુણભાઈ દવે

(યતિન શુક્લ) અમદાવાદ તા.૪

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં ચાલીસ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીનાં ભાગરૂપે ૩૦ નવેમ્બરથી ૬ ડિસેમ્બર સુધી યોજાયેલ વિશ્વસંસ્કૃતિ પર્વનાં પાંચમા દિવસે દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વ માટે કોઈ ખાસ યોગદાન આપનારા મહાનુભાવને શ્રી ચીનુભાઈ આર શાહ જીવનશિલ્પી એવોર્ડ અર્પણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરને સંસ્થાનાં અધ્યક્ષ પદ્મ શ્રી કુમારપાળ દેસાઈએ શિક્ષણનાં તેજનો ઉત્સવ કહ્યો હતો. આ વર્ષે આ એવોર્ડ ભાવનગરનાં સણોસરાની લોકભારતી યુનિવર્સીટીનાં કુલાધિપતિ અરુણ દવેને આપવામાં આવ્યો હતો.

વિશ્વ સંસ્કૃતિ તરફ આગળ વધતું ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ : કુમારપાળ દેસાઈ

## અનાહતાની નાટ્ય પ્રસ્તુતિથી મહાભારતમાં કુંતીનાં પાત્રને ન્યાય મળ્યો

અમદાવાદ તા.૬

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં ચાલીસ વર્ષ પૂર્ણ થવાના અવસરે ૩૦ નવેમ્બરથી ૬ ડિસેમ્બર સુધી ઉજવાયેલ વિશ્વ સંસ્કૃતિ પર્વનાં છેલ્લા દિવસે સંસ્થાનાં અધ્યક્ષ પદ્મ શ્રી

ગુજરાતી ભાષાને વૈશ્વિક રૂપ આપવાનો યજ્ઞ : કુમારપાળ દેસાઈ

## ગુજરાત વિશ્વકોશમાં રેડિયોની રાજાશાહી અને રંગમંચનો ઈતિહાસ ઝળક્યાં

૩૬ દેશોમાં રજુ થયેલી ૮૦ પુરસ્કાર પ્રાપ્ત " માય રેડિયો માય લાઈફ " ડોક્યુમેન્ટરી દ્વારા રેડિયોનો સુવર્ણ ઈતિહાસ દર્શાવાયો

(યતિન શુક્લ) અમદાવાદ તા.૫

UNIवार्ता UNITED NEWS OF INDIA

Friday, Nov 28 2025 | Time 13:03 Hrs(IST)

राज्य

Posted at: Nov 27 2025 9:37PM

## गुजरात विश्वकोश ट्रस्ट में होगा 'विश्व संस्कृत पर्व' महोत्सव का आयोजन

अहमदाबाद, 27 नवंबर (वार्ता) गुजरात विश्वकोश ट्रस्ट, अहमदाबाद में 30 नवंबर से 'विश्व संस्कृत पर्व' महोत्सव का आयोजन किया जाएगा। विश्वकोष के प्रमुख और पद्म श्री से सम्मानित साहित्यकार कुमारपाल देसाई ने गुरूवार को यहां बताया कि विश्वकोष की 40वीं सालगिरह के मौके पर 30 नवंबर से छह दिसंबर तक 'विश्व संस्कृत पर्व' महोत्सव का आयोजन किया गया है, जिसमें भाषा, साहित्य, संस्कृति और कला से जुड़े अलग-अलग प्रोग्राम होंगे। इस महोत्सव में मशहूर हिंदी और मराठी फिल्म एक्टर अमोल पालेकर, सीनियर साहित्यकार अशोक वाजपेयी, मशहूर स्क्रीनराइटर अभिजात जोशी, कंपोजर अमर भट्ट और हिमाली व्यास नायक, पहले अवार्ड विनिंग रेडियो डॉक्यूमेंट्री मेकर मकरंद वायकर, लेखक-डायरेक्टर कमल जोशी वगैरह की खास मौजूदगी में अलग-अलग साहित्यिक और सांस्कृतिक प्रोग्राम होंगे। इसके तहत लोकभारती यूनिवर्सिटी, सनोसरा के चांसलर अरुण दवे को चीनूभाई आर. शाह जीवनशिल्पी अवॉर्ड दिया जाएगा।

विस्तृत समाचार के लिए हमारी सेवाएं लें।

## mol Palekar discusses his new autobiography

Gujarat Vishwakosh hosted a special session featuring actor-director Amol Palekar and screenwriter-director Sandhya Gokhale, centred around Palekar's autobiographical work *Viewfinder: A Memoir*. Conceptualised, designed, and curated by Gokhale, the 355-page book details his remarkable six-decade journey through Indian theatre and cinema.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪